॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

માર્ચ ૨૦૧૧

રૂા. ૫/૦૦





શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયેલ
વસંતોત્સવમાં વસંતના રંગે રંગાતા સમગ્ર કચ્છ સત્સંગના ભક્તજનો

























(૧) વસંતોત્સવમાં પધારેલા પ.પૂ. મહારાજશ્રીનું સ્વાગત કરતા પ.પૂ. મહંત સ્વામી-ભુજ. (૨) વસંતોત્સવના યજમાન તરફથી શ્રીનરનારાયણદેવને સુર્વણ હાર અર્પણ કરવામાં આવી રહ્યો છે. સ્વીકારતા પ.પૂ. મહંતસ્વામી તથા યજમાન પરિવાર-ભુજ. (૩) વસંતપંચમીના સાંજે મહાઆરતીનો લાભ લેતા વિશાળ સંખ્યામાં ભક્તજનો-ભુજ. (૪) શ્રીજી સ્થાપિત શ્રી ધોલેરા ધામમાં શ્રી મદનમોહનજીમહારાજ મહોત્સવ દરમ્યાન ભોજનાલયનું ખાતમુહૂર્ત કરતા પ.પૂ. મહંતસ્વામી તથા જાદવજીભગત-ધોલેરા. (૫) ત્રિપાદ શતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત સંતો, ભક્તો-સુખપર. (૬-૭) શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ગાંધીધામનો ૧૫મો વાર્ષિક ઉત્સવ ઉજવાયો. (૮) વસંતપંચમીના શુભદિવસે શિક્ષાપત્રીનું પૂજન કરતા સંતો તથા ભક્તો - માંડવી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।

।। માનવ સેવા પ્રભુ સેવા।।

## ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


### લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


:: website ::
www.bhujmandir.org.
:: E-mail ::
info@bhujmandir.org



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૦, અંક - ૩ - માર્ચ-૨૦૧૧
સળંગ અંક - ૩૦૪

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યુ.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
E-mail :- Sandesh@bhujmandir.org

## તંત્રીની કલમે...

"સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્" વિશ્વમાં સૌનું કલ્યાણ થાય અને કોઈને દુઃખ પ્રાપ્ત ન થાય એવી ભાવના હિન્દુ ધર્મ સંસ્કૃતિ ધરાવે છે. પરોપકારના આદર્શમાં જનકલ્યાણની એ વૃત્તિનું જ પ્રતિબિંબ પડે છે.

વ્યાસમુનિના ૧૮ પુરાણોમાંથી સુભાષિતકારે બે વચનોને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. "પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્" પરોપકાર કરવો એ પુણ્ય છે, બીજાને પીડા કરવી એ પાપ છે. દાતાઓ પરોપકારની ભાવનાથી નાનાં-મોટાં દાન આપી સમાજનાં દુઃખીજનોનાં આંસુ લૂછે છે.

પ્રાચીન સમયથી વિદ્યાદાન, અન્નદાન, ગોદાન, ભૂમિદાન, સુવર્ણદાન, પ્રાણદાન આદિ વિવિધ દાન જાણીતાં છે. અન્નદાન કરતાં વિદ્યાદાનનું મહત્ત્વ વધારે છે. "અન્નદાનં મહાદાનં વિદ્યાદાનં મહત્તરમ્" અન્નનો આધાર સમયપુરતો જ ટકે છે, જ્યારે વિદ્યાનો આધાર જિંદગીપર્યંત ટકે છે.

સમાજમાં અનેક વ્યક્તિઓ અન્ન, વસ્ત્ર, રહેઠાણ, આરોગ્ય ઉપરાંત જીવન વ્યવહારની ઘણી બાબતોમાં દુઃખી હોય છે. દાનવીરો પરોપકારની ભાવનાથી વ્યક્તિગત તેમજ જનસેવાને વરેલી સંસ્થાઓ દ્વારા પીડિતોને સહાય કરતા રહે છે, અને ધર્મશાળાઓ, અન્નક્ષેત્રો, સસ્તાં ભોજનાલયો, સખાવતી દવાખાનાં શિક્ષણ શિષ્યવૃત્તિઓ, પરબો, પશુસેવા, પાંજરાપોળો, પંખીકબૂતરા વગેરે અનેક ક્ષેત્રો માટે પરોપકારની સરવાણીઓ વહેતી રહે છે. "પરોપકારાય સતાં વિભુતયઃ" સજ્જનોની સંપતિ પરોપકાર માટે હોય છે.

તહેવારો, ઉત્સવો, ગ્રહણ, સંક્રાન્તિ વગેરે સમયમાં તેમજ જન્મદિવસ, વિવાહનો દિવસ, પુણ્યતિથિ જીવનમાં કોઈ વિશિષ્ટ પ્રાપ્તિનો દિવસ જેવા યાદગાર દિવસે સામાન્ય રીતે મોટાભાગના લોકો પરોપકારાર્થે નાનું મોટું દાન કરી પુણ્યની ખરી કમાઈ કરી લે છે.

પરોપકારાર્થે કરવામાં આવતું દાન પોતાની મહેનતથી ઉપાર્જિત કમાણીમાંથી હોવું જોઈએ. "એરણની ચોરી અને સોનું દાન" કરવાથી પાપપુણ્યના સરવૈયામાં પાપની જ બચત રહે છે. અપ્રમાણિકતાથી અનીતિથી કરેલી કમાણીની ગણના પણ ચોરીમાં જ થાય.

ભગવાન સહજાનંદ સ્વામીએ સત્સંગીઓને રોગાતુર પુરુષોની સેવા કરવાની, ધનાઢ્ય સત્સંગીઓને અહિસંક વિષ્ણુયાગ કરવાની અને તીર્થપર્વમાં સાધુ-બ્રાહ્મણોને જમાડવાની, સુપાત્ર બ્રાહ્મણોને નાના પ્રકારનાં દાન દેવાની આજ્ઞા શિક્ષાપત્રીમાં કરેલી છે (શ્લોક ૧૧૯, ૧૫૫, ૧૫૬). યજ્ઞથી વરસાદ થાય છે અને વરસાદથી ધાન્ય નિપજે છે. એટલે યજ્ઞ પણ જીવોપકારી દાન છે.

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર મેડીકલ, શિક્ષણ, ગૌસેવા, વૃક્ષારોપણ, ખેતતળાવો વગેરે સમાજસેવાનાં પરોપકારી કાર્યો ૧૭ જેટલી સંલગ્ન સેવાસંસ્થાઓ દ્વારા કરે છે.

પરાર્થે દાન કરવાની વૃત્તિ અંતઃકરણમાં જાગતી દયાની ભાવનામાંથી જન્મે છે. દયાની લાગણી પ્રેરિત દાન એ જ ખરું દાન છે. તેમાં નામના મેળવવાની કામના કે મોટાઈનું અભિમાન રહેતું નથી. સંત કવિની વાણી એ જ બોધ આપે છે. "પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે"

શ્રીજી મહારાજમાં દયા એક સ્વભાવગત ગુણ હતો. કોઈનું દુઃખ જોઈ શકતા નહીં અને અન્નવસ્ત્ર વગેરે આપી દુઃખનું નિવારણ કરતા. જીવનું કલ્યાણ કરી તેને મોક્ષ આપવાનું સર્વોપરી દાન કરનાર પણ શ્રીહરિ જ અનન્ય પરોપકારી પ્રદાતા છે. ઈતિ. જય શ્રી સ્વામિનારાયણ.

# વચનામૃતનાં અમૃતબિંદુ

- જનકભાઈ એમ. ભટ્ટ
- ભરતભાઈ પી. મહેતા

## <u>બિંદુ-૧૫</u> <u>ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ</u>

***द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।*** આ સંસારમાં 'ક્ષર' અને 'અક્ષર' નામના એવા બે પુરુષો છે. 'ક્ષર' નો અર્થ નાશવંત થાય છે. શરીર વગેરે નાશવાન જડ પદાર્થો, પંચ મહાભૂતો જેમકે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીથી બનેલા શરીર વગેરે જેટલા પદાર્થો છે તે બધા જડ, નાશવાન, મરણશીલ હોવાને કારણે 'ક્ષર' નામથી કહેવામાં આવે છે. પ્રાણીઓના જે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીરો જ નાશવાન છે.

'અક્ષર' એટલે અવિનાશી. શરીરમાં રહેલ જીવાત્મા અવિનાશી એટલે અક્ષર તરીકે ઓળખવામાં આવે છે. અવિનાશી જીવાત્મા એટલેકે 'ચેતન'. આપણું દેખાતું આ શરીર તેમાં જીવાત્માના રહેવાથી જ પ્રાણ કાર્ય કરે છે. આપણા શરીરનું સંચાલન થાય છે. શરીરમાંથી જીવાત્માની સાથે પ્રાણ નીકળે તો તરત જ શરીરનું સંચાલનકાર્ય બંધ પડી જાય છે. ત્યારપછીનું જે શરીર તે સડવા લાગે છે. લોકો તે શરીરને અગ્નિદાહ આપી દે છે. એનો અર્થ એ થયો કે શરીર મહત્ત્વનું નથી પરંતુ આપણા શરીરમાં રહેલા જીવાત્માનું જ મહત્ત્વ છે. જે તત્ત્વનો ક્યારે પણ નાશ થતો નથી. જે હંમેશા નિર્વિકારરૂપે છે. એ જીવાત્માને 'અક્ષર' પદ આપવામાં આવેલ છે. પ્રકૃતિ જડ છે. જીવાત્મા જે ચેતન પરમાત્માનો દાસ છે. આ જીવાત્મા ગમે તેટલા શરીર ધારણ કરતો રહે, ગમે તે લોકમાં જાય પણ તેનામાં કોઈપણ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો નથી, નાશ થતો નથી. તે સદા જેમ છે તેમ રહે છે. માટે તેને એક બીજું નામ 'કૂટસ્થ' આપવામાં આવેલ છે. 'કૂટસ્થ' એટલે અચળ (શ્રેષ્ઠ), હંમેશાં ટકી રહેનાર તેવો થાય છે. જેમ પરમાત્માને 'કૂટસ્થ', 'અક્ષર' કહેવામાં આવે છે તેવી રીતે જીવાત્માને પણ કહેવામાં આવે છે. સ્વરૂપથી તો જીવાત્મા વિકારરહિત હંમેશાં છે. પરંતુ ભૂલથી પ્રકૃતિ અને તેના કાર્ય શરીર સાથે પોતાની એકતા માની લીધેલ છે.

પરંતુ ***<u>उत्तमः पुरुषस्त्वन्य परमात्मेत्युदाहृतः।</u>*** આગળ બે પુરુષ બતાવવામાં આવેલ છે પરંતુ બન્નેથી ઉત્તમ પુરુષ તો અન્ય જ છે. જે પરમાત્માના નામથી કહેવાયો છે. જે અવિનાશી ઈશ્વર, ત્રણે લોકમાં પ્રવેશીને બધાનું ભરણપોષણ કરે છે. જે ઉત્તમ પુરુષને જ પરમાત્માના નામથી કહેવાય છે. પરમાત્મા પોતાને નાશવાન જે ક્ષર છે તેનાથી 'અતીત' (પર) તરીકે ઓળખાવે છે અને અવિનાશી અક્ષરથી 'ઉત્તમ' બતાવેલ છે.

શાસ્ત્રોમાં કહેલું છે કે ઉત્પત્તિ, પ્રલય પ્રાણીઓનું જન્મ લેવું, મરવું, વિદ્યા અને અવિદ્યાને જે જાણે છે તે ભગવાન છે પણ આગળ પ્રથમ રહે તે પુરુષ પ્રથમ કહેવાયો છે. 'પ્રથમ હું જ હતો' આ જ પુરુષનું પુરુષપણું છે. ભક્તોની કામના પૂર્ણ કરે તે 'પુરુ'. ભક્તજનોના વિરોધીઓને દબાવી દે એથી તે પુરુષ છે. પુરુ એટલે કે ભક્તના ઈચ્છિત કરતાં પણ વધારે આપે તે પુરુષ કહેવાય છે. અથવા ઘણા પાપોને સ્મરણ વગેરેથી બાળી નાખે તે પુરુષ કહેવાય. આ જગતના બધા પદાર્થો કરતા પ્રથમ રહેલા છે. જેમણે પાપોને બાળી નાખ્યા છે તેથી પુરુષ કહેવાય છે.

વચનામૃતમાં કુબેરસિંહજી છડીદારે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ ! શ્રી પુરુષોત્તમ ભગવાનનું અસાધારણ લક્ષણ તે શું છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અનેક જીવના પ્રાણ નાડીનો સંકેલો કરીને જે તત્કાળ સમાધિ કરાવવી તે બીજાથી થાય નહીં, ને લક્ષાવધિ મનુષ્ય નિયમમાં રહ્યાં થકાં વશ વર્તે તે બીજા કોઈથી થાય નહીં અને અક્ષરાદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થપણું તેપણ બીજામાં હોય નહીં એવી રીતે પુરુષોત્તમ નારાયણનું અસાધારણ લક્ષણ છે.''

# આસ્તિક-નાસ્તિક

- ભારતી એસ. ભુડિયા
(નારાણપર ઉ.વા.)

ઘણા ભણેલા અને પોતાને આધુનિક કહેડાવતા લોકો ધર્મ, ભગવાન અને સંત પ્રત્યે સુગ રાખે છે. ધર્મના બદલે ક્લબોમાં જવું, મોજશોખની સંસ્થાઓમાં સભ્ય બનવું તેને ફેશન ગણે છે. વળી ભગવાનને વિષે ફાવે તેવી વાણી બોલે છે. જાણે ભગવાનથી ય હોશિયાર ના હોય ? એવું વર્તન કરે છે.

બે ભણેલા મિત્રો હતા. જેમાં એક આસ્તિક અને બીજો નાસ્તિક હતો. બન્ને મિત્રો એકવાર ફરવા નીકળ્યા. ફરતાં-ફરતાં કોઈક તીર્થસ્થાનમાં જઈ ચડ્યા. ત્યાં બગીચામાં આંબાના ઝાડ નીચે બેઠા. બાજુમાં એક નદીનો સુંદર કિનારો હતો.

તીર્થ જોઈને સ્વાભાવિક રીતે જ આસ્તિક મંદિરમાં દર્શન કરવા તૈયાર થયો. તેણે મિત્રને કહ્યું, ચાલ, દર્શન કરવા ! પણ જેના વિચારો અવળા હોય તેને ધર્મ કે દેવદર્શન કેમ ગમે ? તેણે કહ્યું, તારે જવું હોય તો જા. હું બગીચામાં બેઠો છું. હું તો ઈશ્વરમાં માનતો જ નથી. જો ઈશ્વર હશે તો ગાંડો હશે. ભગવાનને ગાંડો કહ્યું તેથી આસ્તિકથી રહેવાયું નહીં. તેણે કહ્યું ઈશ્વરને ગાંડો કહેવાનો તારો શો અધિકાર છે ? તારે આમ કહેવાની જરૂર જ શી છે ?

જો ભાઈ, હું તો જે જોઉં છું તે કહું છું. જો તારા ઈશ્વરે આ નદીના પટમાં ઉગેલા વેલાઓની પાતળી ડાળીઓમાં વીસ-વીસ કિલોના તરબુચ લટકાવ્યાં છે અને તોતિંગ આંબાના ઝાડ ઉપર સાવ નાની-નાની કેરીઓ લટકાવી છે ! આ ગાંડપણ નથી તો બીજું શું છે ? કેરી ૫૦ કિલોની ના હોવી જોઈએ ? હજુ તો આવી વાત કરે છે ત્યાં તો આંબા ઉપરથી એક કેરી પડી અને બરાબર નાસ્તિકના નાક ઉપર વાગી. નાકમાંથી દડદડ લોહી નીકળવા લાગ્યું.

આ જોઈને આસ્તિકે કહ્યું, જો મિત્ર, ભગવાન પાગલ નથી. ભગવાન તો જબરા ડાહ્યા છે. જુઓ, આંબા ઉપર નાની કેરીઓ લટકાવી છે. એ આપણા હિતમાં જ છે ને ! જો કેરી મોટી હોત તો તારું માથું ફૂટી જાત ! પણ ભગવાને આ સૃષ્ટિમાં દરેકનું આયોજન વિચારપૂર્વક કરેલું છે. એમાં પણ ડહાપણ કરવાનું ના હોય. નાસ્તિકનો નિર્ણય અને વિચારો બદલાયા. તેને ધર્મમાં અને ઈશ્વરમાં શ્રધ્ધા બેઠી.

સજ્જનો ! ઘણા માણસો સંજોગોવસાત નાસ્તિક હોય છે. પરંતુ જીવનમાં જ્યારે ઠોકરો વાગે છે ત્યારે તેના વિચારોમાં પરિવર્તન આવે છે. વિશ્વના ભલભલા માન્ધાતાઓ જીવનભર ભગવાનની ટીકા-નિંદા કરે છે. પરંતુ જીવનની કોઈક વિરલ ઘડીએ તેના વિચારોમાં પરિવર્તન આવે છે અને મરવા સમયે તો આવે જ છે.

વ્હાલા સત્સંગી મિત્રો ! આપણે ખરાબ નાસ્તિક લોકોથી દૂર રહીને ધર્મ, ઈશ્વર, ગુરુ અને મા-બાપમાં ભાવ જાળવી રાખીએ. કેમકે પવિત્ર ભારતદેશનું સંતાન કદાપિ ઈશ્વરવિમુખ ના હોય અને આપણે તો ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગીઓના મધ્યે રહીએ છીએ. અસ્તુ.

## મૂર્તિ - મનોહર

મૂર્તિ મનોહર છે, પ્યારા ઘનશ્યામની
નામ લેતાં શાન્તિ મળે, કપરા જીવનની
ઘનશ્યામ છે શાણાં, સહેજે જીતાણા
ભક્તિરસ પીતાં પીતાં, મનમાં હરખાણી
હરિ હરિ બોલતાં, ભકતો સૌ ડોલતાં
વચનામૃતની વાણી, સભામાં વંચાણી
ઘનશ્યામની લીલા, હરિ છે રંગીલા
ગલે ફૂલમાળા, પહેરે છે છેલછબિલા
એક તારો આસરો, સદા સાથ રહેજો
જીવનની વિટમ્બના, ઘનશ્યામ નિવારો
'અલ્પ' મશગુલ છે, ભક્તિમાં લીન છે
મનોહર મોહનજી તારી કૃપા અસિમ છે

- મુકુન્દ કે. મહેતા 'અલ્પ'

# સંસ્થા સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

**: પંચાહ્ન પારાયણ :**

તા. ૨૧-૧-૧૧, શુક્રવારથી તા. ૨૫-૧-૧૧, મંગળવાર સુધી, પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું. કથાનો વિષય હતો સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિ રચિત 'ભક્તચિંતામણી'

કથાના યજમાનપદનો લાભ ગામ રામપરના હ.ભ. લાલજી સામજી કેરાઈ ડુંગરાણીએ લીધો. કથાના વક્તા સ્વામી નીલકંઠમુનિદાસજીએ સરળ ભાષામાં કથાને રસાળ અને સુભોગ્ય બનાવી શ્રોતા સમાજને કથાનું અમૃતપાન કરાવ્યું.

કથા સમાપ્તિનું ઉત્તરપૂજન તથા આરતીના સુંદર કાર્યક્રમ પછી પ.પૂ. મહંતસ્વામીને હસ્તે યજમાનશ્રીનું ફૂલહાર તથા પહેરામણી ભેટથી સન્માન કરવામાં આવ્યું. શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી વ્યવસ્થાક્રમમાં સહયોગી બન્યા. પુ. સ્વામી ધર્મવિહારીદાસજીએ ધુન બોલાવ્યા પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

**:: પંચાહ્ન કથા પારાયણ ::**

તા. ૨૬-૧-૧૧ થી તા. ૩૦-૧-૧૧ દરમ્યાન પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું. કથાના યજમાનપદે શ્રી નરનારાયણનગર, સુખપર નિવાસી અ.નિ. મનજીભાઈ વાલજી ભુવા, ધ.પ. શામબાઈ મનજી ભુવા, હ. માવજી મનજી ભુવા રહ્યા અને કથાના રસીયા જિજ્ઞાસુ ભક્તોને કથાના અમૃતરસનો આસ્વાદ કરવાનો લાભ આપ્યો.

કથાના વક્તા પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ વ્યાસગાદી પર બિરાજી સ.ગુ. સ્વામી આધારાનંદજીએ લખેલા 'શ્રીહરિ ચરિત્રામૃતસાગર' ની કથાનું રસપાન કરાવ્યું. સ્વામીએ શ્રીજી મહારાજનાં અદ્‌ભુત લીલાચરિત્રો સાથે શ્રીપ્રભુએ સત્સંગ સમાજમાં કરેલ વિચરણ અને ધર્મોપદેશનું આબેહુબ વર્ણન કરી સૌને ભક્તિમય આનંદથી તૃપ્ત કર્યા.

તા. ૩૦-૧-૧૧ ના સવારે વિસર્જનપૂજન, પોથીપૂજન, વક્તા સ્વામીશ્રીનું પૂજન કરવામાં આવ્યું. યજમાન પરિવારે કથા સમાપ્તિની આરતી ઉતારી. સ.ગુ. સ્વામી હરિબલદાસજીને હસ્તે યજમાન પરિવારને ફૂલહાર પહેરાવી સાથે પહેરામણી ભેટ આપી આશીર્વાદ સાથે સન્માનિત કર્યા. પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પૂરો થયો.

પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી સેવા સહયોગમાં સાથે રહ્યા.

**:: કથા સપ્તાહ - શિક્ષાપત્રીપૂજન - રંગોત્સવ ::**

કથા સપ્તાહ : ગામ માધાપરનાં સાં.યો. કુંવરબાઈ હીરાલાલ વાગજીઆણીએ પિતાશ્રી હીરાલાલ મુરજી વાગજીઆણી છપૈયાપુર યાત્રાધામમાં અક્ષરવાસી થયા તેમની પુણ્યસ્મૃતિમાં ભુજ મંદિરે સપ્તાહ કથાપારાયણ, શિક્ષાપત્રી જયંતી તથા વસંતના રંગોત્સવ આદિ ઉત્સવોના યજમાન બની તા. ૨-૨-૧૧, બુધવાર થી તા. ૮-૨-૧૧, મંગળવાર સુધી ધામધુમભર્યો મહોત્સવ ઉજવ્યો. યજમાન સાં.યો. કુંવરબાઈના ભાઈઓ પ.હ.ભ. ખીમજીભાઈ, વિશ્રામભાઈ, કાનજીભાઈ, પ્રવીણભાઈ તેમજ બહેન રામબાઈ આદિ પરિવાર સહયજમાનપદે રહ્યા.

કથાના વક્તા પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ નરતનુધારી

ભગવાન સ્વામિનારાયણના અલૌકિક દેહ, વસ્ત્રાલંકાર, ભોજન વ્યંજનો, અચરજકારી ચમત્કારો, અવતારની અનુભૂતિ કરાવનાર પ્રસંગો, ભગવાનની મૂર્તિને અંતરમાં સાકાર કરતાં વર્ણન, ઉપરાંત જીવોના કલ્યાણકારી મોક્ષદાતા પ્રભુનો સાક્ષાત્કાર કરાવતી સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિએ રચેલ ''હરિસ્મૃતિ'' શાસ્ત્રકથાનું ૨૫ હજાર ઉપરાંત હરિભક્તોની મેદનીને રસપાન કરાવી આનંદભર્યા ધ્યાનરસમાં મગ્ન કર્યા. કથાકાર શાસ્ત્રીઓએ માતબર કથાને સહજપણે સરળ શૈલીમાં શ્રોતાઓના અંતઃકરણમાં પહોંચાડવાની કુનેહ બતાવવામાં પોતાની ગુંજાશ બતાવી દીધી. દૃષ્ટાંતો, કીર્તનો અને ગાયક સંગીતકાર અક્ષરમુક્તદાસજી સ્વામીના કંઠનું કામણ, સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી તથા શ્રીજીસ્વરૂપદાસજીનું તબલાંવાદન અને વાયોલીનના તારમાંથી ઝંકૃત કરેલ સુરાવલિ સાથે કથાને ઓર ઝમકદાર બનાવી.

કાર્યક્રમોનું સંચાલન પુ. સ્વામી ઉત્તમચરણ દાસજીએ જોરશોરથી કર્યું અને શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા કોઠારી સ્વામી માધવપ્રસાદ દાસજી તથા સ.ગુ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ સભાને ઉદ્‌બોધન કરી કથાના માહાત્મ્યની તથા સાં.યો. કુંવરબાઈના ભક્તિપૂર્ણ કથા આયોજનની પ્રશંસા સાથે પોતાની સંવેદના પ્રગટ કરી.

મહોત્સવ સમયમાં સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ તથા નાનામોટા સંતો અંજાર, માંડવી, મંદિરોના તેમજ ગુરુકુળોના સંતો, કચ્છનાં સાં.યો. બહેનો, કોઠારી રવજીભાઈ ભુડિયા, ઉપકોઠારી અર્જુનભાઈ દુબાસીયા, ટ્રસ્ટી મહોદયો, પ.ભ. પ્રેમજીભાઈ રાઘવાણી, ખીમજીભાઈ હાલાઈ, મુરજીભાઈ શીયાણી, ધીરજભાઈ ઠક્કર, શશીકાન્તભાઈ ઠક્કર, કુંવરજીભાઈ ખેતાણી તથા કચ્છ અને દેશ-પરદેશના હરિભક્ત ભાઈ-બહેનોની ઉપસ્થિતિનો એકંદર અંદાજ પચીસ હજાર જેટલો થવા પામ્યો હતો.

ઈન્ટરનેટ પર કથાના લાઈવ પ્રસારણનું સંચાલન હ.ભ. તેજશ ગોર, નીલેશ હીરાણી અને લાલજી પિંડોરીયાએ કર્યું. પરિણામે દેશ-પરદેશમાં અનેક હરિભક્તોને કથા મહોત્સવને માણવાનો લાભ મળ્યો.

કથા પારાયણ અંતર્ગત તા. ૫-૨-૧૧ ના રાત્રિના રાસોત્સવ અને તા. ૬-૨-૧૧ ના સાંજે મહાઆરતીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૭-૨-૧૧ ના પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી, પૂ. મહંતસ્વામી, સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો, યજમાનભાઈઓ સહિત ઠાકોરજીની શોભાયાત્રા બપોરના ૨:૩૦ વાગતાં પારેશ્વર ચોક સ્થિત પ્રસાદીના મંદિરેથી નીકળી હતી. બેન્ડપાર્ટી, કીર્તનમંડળી, નૃત્ય કરતા પ્રેમી હરિભક્તો સાથે નગરના મુખ્ય માર્ગો ઉપર થઈ નગરજનોને દર્શનનો લાભ આપતી શોભાયાત્રા બપોર પછી ૪:૦૦ વાગ્યાના અરસામાં ભુજ શ્રી નરનારાયણદેવના મંદિરે આવી પહોંચી હતી. પૂ. આચાર્ય મહારાજશ્રી કથામંચ ઉપર પધારી પોથીપૂજન તથા વક્તાશ્રી પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીને ફૂલહાર પહેરાવી સિંહાસન ઉપર બિરાજી સહુને દર્શન આપી રાજી કર્યા. આ પ્રસંગે ઉપસ્થિત હરિભક્તોએ તાલીઓના ગડગડાટ સાથે ઊભા થઈ મહારાજશ્રીને વધાવી સન્માનિત કરી તેઓશ્રી પ્રત્યેનો ગુરુભાવ પ્રગટ કર્યો હતો.

સ્વામી દિવ્યસ્વરૂપદાસજી મહારાજશ્રીની સેવામાં સાથે રહ્યા હતા. કથા વિરામ પછી પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. કોઠારી જાદવજી ભગત, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, કો. સ્વામી માધવપ્રસાદદાસજી, કો. સ્વામી શાન્તિસ્વરૂપદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતોએ મહારાજશ્રીને ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું.

ત્યારપછી મહારાજશ્રીને હસ્તે પૂ. મહંતસ્વામી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત આદિ વડીલ તેમજ નાના-મોટા સંતો તથા મંદિરના કોઠારી શ્રી રવજીભાઈ, ઉપકોઠારી શ્રી અર્જુનભાઈ, ટ્રસ્ટીશ્રીઓ તથા પૂર્વકોઠારી શ્રી મહેશભાઈ ઠક્કર તથા યજમાન ભાઈઓ તથા જુદા-જુદા વિભાગોમાં સેવા આપતા કર્મચારીઓ વગેરેને ફૂલહાર પહેરાવી આશીર્વાદાત્મક ભાવના વ્યક્ત કરી હતી.

સાં.યો. મહંત સામબાઈ બહેને મોકલાવેલ બદામ, પિસ્તા, કાજુ આદિ સાત વિવિધ મેવાનો હાર સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનો વતી પૂ. મહંતસ્વામીએ આચાર્ય મહારાજશ્રીને પહેરાવ્યો હતો. એલચીનો હાર શાન્તિસ્વરૂપદાસજીએ મહારાજને પહેરાવ્યો તે હાર મહારાજશ્રીએ કંઠમાંથી ઉતારીને મહંતસ્વામીને પહેરાવ્યો હતો.

ત્યારપછી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ ઉદ્‌બોધન કરી 'હરિસ્મૃતિ' શ્રીહરિની અખંડસ્મૃતિ કરાવે છે એમ જણાવી યજમાન બહેનની અતિશય સેવાની, કથાની ભાવના, વક્તાઓની કથા સમજાવવાની ખૂબી વગેરેની પ્રશંસા કરી. મહારાજશ્રી અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં ભુજ મંદિરને લાભ આપતા રહે છે તેવો લાભ આપતા રહે તેવી ભાવના દર્શાવી.

ઉદ્‌બોધન પછી સંસ્કૃત પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયેલ સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીને મહારાજશ્રીને હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

પૂ. આચાર્ય મહારાજશ્રીએ આ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે પદાર્થના બળો નશ્વર છે. માત્ર ભગવાનનું બળ જ અખંડ છે. ધંધા સાથે ભગવાનની ઉપાસના પણ રાખવી જોઈએ. આવા પ્રસંગો સદ્‌ભાગ્યથી મળે છે. આપણી પરંપરામાં હેતુ રહેલો હોય છે. તે વાસ્તે પરંપરા જાળવી રાખવી જોઈએ. પ્રસાદીના સ્થળ તેમજ વસ્તુઓ પૈસાથી મૂલવાય નહીં. ભગવાન, સંત, સત્સંગ સાથે અનુસંધાન હશે તો ટેકનોલોજી ઉપયોગી છે. મહારાજશ્રીએ યજમાન બહેનને કથા સમાપ્ત સહિત કરેલા ઉત્સવોના આયોજન માટે ધન્યવાદ આપ્યા હતા.

ત્યારપછી ઉત્સવની કાયમી સ્મૃતિ માટે યજમાન ભાઈઓનો પૂ. મહારાજશ્રી સાથે સ્મૃતિફોટો લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગતે જણાવ્યું કે શ્રીજી મહારાજે ભુજ, ગઢડા, વડતાલમાં કહી હતી તેવી રંગોત્સવ ઉજવણીની યોજના સાં.યો. કુંવરબાઈએ ભુજમાં મોટો ખર્ચ કરીને કરી છે. તેમની શ્રી નરનારાયણદેવ પ્રત્યેની ભાવનાને બિરદાવી હતી.

કથા સમાપ્તિના દિવસે શિક્ષાપત્રી જયંતી નિમિત્તે મંગળા આરતી પછી મંદિરમાં શિક્ષાપત્રી પૂજન રાખવામાં આવ્યું. પૂજનમાં પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મહંતસ્વામી સાથે યજમાનશ્રી હરિભક્તો આદિ સામેલ રહ્યા. પૂજનવિધિ શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા પાર્ષદ માવજી ભગતે કરાવી. કોઠારી સ્વામી શાન્તિસ્વરૂપદાસજીના જણાવ્યા મુજબ ફૂલહાર સન્માન સાથે યજમાન પરિવારને આચાર્ય મહારાજ તથા મહંતસ્વામીને હસ્તે પહેરામણી ભેટ આપવામાં આવી.

યજમાન સાં.યો. બહેન તરફથી સુવર્ણની કંઠી તથા હાર ઘનશ્યામ મહારાજને પહેરાવવા ભેટ આપવામાં આવ્યા. પૂ. આચાર્ય મહારાજશ્રીને હસ્તે આપવામાં આવેલ આ અલંકાર પૂ. મહંતસ્વામીએ કોઠારી પાર્ષદ જાદવજી ભગતને સુપરત કર્યા.

સાં.યો. મહંત સામબાઈ બહેનને તથા યજમાન સાં.યો. કુંવરબાઈ બહેનને મંદિર તરફથી શ્રીજી મહારાજની પ્રસાદીભૂત વસ્તુ ભેટ આપવામાં આવી.

સ.ગુ. સ્વામી વિશ્વજીવનદાસજીએ પોતાના પાસેથી શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ સાં.યો. મહંત સામબાઈ બહેનને તથા યજમાન સાં.યો. કુંવરબાઈ બહેનને ભેટ આપી.

કથા સમાપ્તિની આરતી પછી ભોજનપ્રસાદ અને રંગોત્સવનો ઉત્સવ ઉજવાયો. વસંતઋતુનો આનંદ દર્શાવતો વાસંતી રંગોત્સવ મંદિર પરિસરના ખુલ્લા મેદાનમાં ઉજવાયો. આચાર્ય મહારાજશ્રી ઊંચા મંચ ઉપર પધાર્યા ત્યાં રંગના સાધનો અને ઈલકટ્રોનિક પિચકારી વગેરે તૈયાર હતાં. મંચની ચારેબાજુ મહારાજશ્રીના હસ્તે રંગપ્રસાદમાં ભીંજાવા હજારો હરિભક્તો મંચની આજુબાજુ ઊમટ્યા હતા. મહારાજશ્રીએ સુવર્ણ નિર્મિત પિચકારીમાં ચારે દિશામાં રંગના ફૂવારાની વૃષ્ટિ કરી. હરિભક્તો નાચી ઊઠ્યા. નરનારાયણદેવના જયકારે વસંતનું સ્વાગત કર્યું.

વસંતપંચમીના ઉત્સવમાં શ્રધ્ધાળુજનોએ પ્રયાગરાજ ગંગાયમુના સરસ્વતીના ત્રિવેણીસંગમમાં સ્નાનનો આનંદ લીધો અને શ્રીજી મહારાજના હરિભક્તોએ ભુજ મંદિરે કથા પારાયણ, શિક્ષાપત્રી જયંતી અને વાસંતી રંગોત્સવના ત્રિવેણી ઉત્સવરૂપી સ્નાનનો આનંદ માણ્યો.

મહારાજશ્રીએ આશીર્વાદ સાથે ઉદ્‌બોધન કરી પૂજનમાં ધ્યાનનું મહત્ત્વ સમજાવ્યું. કારણ કે શરીર બેસી રહે છે પણ મન બેસી રહેતું નથી. શ્રીજી મહારાજનાં આશીર્વાદ વચન મળેલાં છે કે શિક્ષાપત્રી ચારે પુરુષાર્થ આપશે.

**:: પંચાહ્ન પારાયણ ::**

તા. ૯-૨-૧૧, મહા સુદ ૬, બુધવાર થી તા. ૧૩-૨-૧૧, મહા સુદ ૧૦, રવિવાર સુધી પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું.

કથાના યજમાન ગામ સુખપરના અ.નિ. હ.ભ. ધનજીભાઈ કરસન વરસાણી તથા સુપુત્ર અ.નિ. રામજીભાઈ ધનજી વરસાણી, હ. સુપુત્ર ભીખાલાલ ધનજી વરસાણી રહ્યા હતા.

કથાના વકતા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસપીઠે બિરાજી શ્રીમદ્ ભાગવત 'દશમ સ્કંધ' કથાનું રસપાન કરાવી શ્રોતા હરિભક્તોને આનંદ કરાવ્યો. સ્વામીજીએ શ્રીકૃષ્ણ પરમાત્માની ગોપમિત્રો સાથે તથા ગોપીગૃહે દહીંમાખણ લીલાનાં બાળચરિત્રોની અદ્‌ભુત લીલાઓ ચાણૂર મર્દન, કંસ વધ વગેરે પ્રસંગો, ગોપીઓની પ્રેમભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન, સર્પ યજ્ઞ,, યાદવાસ્થળી, શ્રીકૃષ્ણ પરમાત્માનું સ્વધામગમન વગેરે ઘટનાઓની સરળ સમજ આપી કથાને રસિક બનાવી.

સમાપ્તિ પ્રસંગે યજમાન પરિવારને સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજીને હસ્તે ફૂલહારથી સન્માનિત કરી પહેરામણી ભેટ આપવામાં આવી. યજમાન પરિવાર દ્વારા મંદિરના ગોર મહારાજે ઉત્તરપૂજન, પોથીપૂજન, વ્યાસપૂજન આદિ વિધિ પછી આરતી અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પૂરો થયો.

**:: ચમક-ઝમક ::**

❖ શ્રીહરિ ગ્રંથ વાંચનાલય ખુલ્લું મૂકવામાં આવ્યું. શ્રીજી મહારાજની આજ્ઞાથી નંદ સંતોએ રચેલા તેમજ અનુગામી સંતોએ રચેલા ગ્રંથો વાંચવાનો જિજ્ઞાસુ હરિભક્તોને લાભ મળ્યો. વાંચનાલયનું સંચાલન પ.હ.ભ. પ્રાણલાલભાઈ ગોર સંભાળી રહ્યા છે.

❖ મહાસુદ ૧૫, તા. ૧૮-૨-૧૧, શુક્રવારે હજારો તપસ્વી, હરિભક્તોએ પ્રસાદીના હમીરસરમાં તેમજ અન્ય જળાશયોમાં સ્નાન કરી માઘીવ્રત સમાપ્તિ કરી.

❖ આપણા સંપ્રદાયનાં છ તીર્થધામોની પદયાત્રા કરી સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી અક્ષરવિહારીદાસજી, સ્વામી સરજુદાસજી આદિ સંતો ૧૮ હરિભક્તો સહિત તા. ૧૯-૨-૧૧, સવારના ભુજ આવી ગયા. પદયાત્રાનું બેન્ડપાર્ટીએ વાજાં વગાડી સ્વાગત કર્યું. યાત્રિકોએ કરેલ આ પદયાત્રાના માનમાં તા. ૨૦-૨-૧૧ના રાત્રે ઠાકરથાળી તથા રાસોત્સવનો દિવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો.

❖ તા. ૨૦-૨-૧૧, મહાસુદ ૩, રવિવારે ''શાકોત્સવ'' ઉજવવામાં આવ્યો. શ્રીજી મહારાજે લોયામાં કરેલ પ્રથમ 'શાકોત્સવ'ના સ્મરણ સાથે હરિભક્તોએ પ્રસાદ લઈ આનંદ માણ્યો. ઉત્સવની કાર્યવાહી સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી તથા ફૂલવાળા સ્વામી પુ. ધર્મપ્રકાશદાસજીએ સંભાળી હતી.

- અહેવાલ : ઓ. વ્યાસ

# સત્સંગ સમાચાર

## થાણા (મુંબઈ) : પ્રતિષ્ઠા મહોત્સવ

ભુજ મંદિરના પ.પૂ. પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, થાણા-મુંબઈ મધ્યે શ્રી સહજાનંદ સ્વામી તથા શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિઓની પ્રતિષ્ઠાનો મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

જ્યાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી એ શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, થાણાની વિગતો પણ જાણવા યોગ્ય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અખૂટ આસ્થા ધરાવતા ભચાઉ તાલુકાના ખુથીયા અને નિશર પરિવારના સભ્યો તેમજ પટેલ પરિવારોમાં વાગડના લેવા અને આંજણા પટેલો સત્સંગના રંગમાં વિશેષ રંગાયેલા છે. સને ૧૯૬૮ ની સાલમાં ભક્તો થાણા આવ્યા, સત્સંગની પ્રવૃતિને વેગ મળ્યો. થાણા, કલવા, પાર્લા, કલ્યાણ, ઘાટકોપર, પવઈ, કાજુપાડા, આયરોલી, નવી મુંબઈ (વાસી) વગેરે મુંબઈના લગભગ દરેક વિસ્તારમાં સત્સંગીઓ રહે છે. માત્ર થાણામાં જ નિશર અને ખુથીયા પરિવારના ૧૦૦ જેટલા અને પટેલોનો ૫૦૦ થી વધુ સભ્યો નિયમિત રીતે સત્સંગ કરતા. પણ સત્સંગસભા માટે સ્થળની અસુવિધા હંમેશ સતાવતી હોવાથી પ્રતિકૂળતા થતી. પરંતુ ભક્તિનું બળ દઢ હતું અને સંતોની પ્રેરણાથી સત્સંગનો રંગ પણ પાકો હતો તેથી આવી અડચણો સત્સંગની પ્રવૃત્તિઓને રોકી શકતી નહીં. હોલ ભાડે રાખીને પણ સત્સંગ કરતા. અરે, આ નિષ્ઠાવાન હરિભક્તોએ તો બેતાલીસ-બેતાલીસ વર્ષ સુધી અગાસી ઉપર પણ સત્સંગસભાઓ યોજીને શ્રીજી મહારાજના ગુણગાન ગાઈ પોતાનું જીવન ધન્ય બનાવ્યું છે. અહીંના હરિભક્તોને પોતાનો સત્સંગહોલ હોય એવી ઈચ્છા હતી. શ્રીહરિની કૃપાથી અને સંતોના આશીર્વાદથી વર્ષો બાદ ભક્તોની આ ઈચ્છા પણ ફળિભૂત થઈ. તા. ૧૧-૧૧-૨૦૧૦ ના થાણા મધ્યે ૫૬૦૦ સ્કેવરફૂટનો ૩૫૦૦ સ્કવેરફૂટ મેનેજીંગ ફ્લોર સાથેનો વિશાળ હોલ પ્રાપ્ત થયો અને આ હોલને શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન એવું પવિત્ર નામ આપવામાં આવ્યું. આ સત્સંગહોલમાં સત્સંગની પ્રવૃત્તિઓનો પ્રારંભ મહાપૂજાની સાથે હર્ષભેર કરવામાં આવ્યો. સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજીની અગાધ મહેનતના ફળસ્વરૂપે સત્સંગને હિંમત મળતી રહી અને હરિભક્તોનો ઉત્સાહ જળવાઈ રહ્યો.

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ હેઠળના સત્સંગ ભવનમાં મૂર્તિપ્રતિષ્ઠા અને ઉદ્‌ઘાટન મહોત્સવ નિમિત્તે તા. ૧૧-૨-૨૦૧૧ થી તા. ૧૭-૨-૨૦૧૧ સુધી સપ્તદિનાત્મક 'શ્રી સત્સંગી જીવન' કથા પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. વ્યાસપીઠ પર બિરાજમાન થઈ વિદ્વાન સંતો પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની આગવી શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સંગીતજ્ઞ સ્વામી શ્રીજીનંદનદાસજી તથા શ્રીજી સ્વરૂપદાસજીએ સંગીતના સૂરોનો સાથ આપી કથાને સંગીતમય બનાવી હતી. ઉત્સવ દરમ્યાન શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, પટ્ટાભિષેક, શાકોત્સવ, અન્નકૂટોત્સવ જેવા આયોજનો કરવામાં આવ્યા હતા અને અન્નકૂટની અનેક વાનગીઓ થાણા વિસ્તારના બહેનો ભક્તોએ પવિત્ર થઈ મહારાજને સંભાળી

ભાવપૂર્વક બનાવી હતી. સંતોની આજ્ઞાથી બહેનોની પ્રસન્નતા માટે સેલારીના સાંખ્યયોગી બહેનોએ આ પર્વમાં પધારીને બહેનોને દર્શન આપી આશીર્વાદ પાઠવ્યા હતા અને ભક્તિમય કથામૃતનું રસપાન કર્યું હતું. જયારે સભાનું સંચાલન પુ. સ્વામી દેવચરણદાસજીએ સુંદર રીતે કર્યું હતું.

તા. ૧૧-૨-૧૧ ના પોથીયાત્રામાં અને તા. ૧૬-૨-૧૧ ના શોભાયાત્રામાં હજારો હરિભક્ત ભાઈ-બહેનોએ ભાવપૂર્વક જોડાઈને શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે શ્રીહરિનો જયઘોષ કર્યો હતો. મુંબઈના વિશાળ રાજમાર્ગો પર પોથીયાત્રામાં જોડાયેલ બેન્ડ, પ્રખ્યાત કચ્છ ચોવીસીની પાંચ ભજન મંડળીઓ, દસ જેટલી બગી અને ઠાકોરજીના બે રથોએ ત્રણ કલાક ચાલેલી શોભાયાત્રાને વિશેષ આકર્ષક અને દર્શનીય બનાવી હતી. વિવિધરંગી સુંદર વસ્ત્રો ધારણ કરી હરિભક્તોએ બન્ને યાત્રાની શોભા વધારી હતી. આ યાત્રાઓમાં બાવન જેટલા સંતોએ જોડાઈને રાજીપો વ્યક્ત કરી આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ભુજ મંદિરના ટ્રસ્ટીઓ ખાસ હાજર રહ્યા હતા.

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને યુવતીમંડળના સભ્યોએ શોભાયાત્રાની વ્યવસ્થા સંભાળવામાં તેમજ સમગ્ર ઉત્સવ દરમ્યાન વિશેષ યોગદાન આપ્યું હતું.

આ ઉત્સવના યજમાન પરિવારની શ્રીજી મહારાજ પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિ પણ વંદનીય છે. આ પરિવારમાંથી જ સંપ્રદાયને અ.નિ.સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી જેવા બ્રહ્મનિષ્ઠ સંત પણ મળ્યા. કચ્છ વિચરણ કરીને પરત ફરતાં શ્રીજી મહારાજ ભચાઉ પધાર્યા. ભચાઉ મધ્યે પ.ભ. વાઘા શાહ (નીસર) તથા તેમના બહેન રતનબા સાથે તેમનો ભેટો થયો. તેમની ભક્તિથી પ્રસન્ન થઈને શ્રીજી મહારાજે વાઘા શાહને તેમના આરાધ્યદેવ શ્રી રામચંદ્રજીના દર્શન કરાવ્યા. વાઘા શાહ તે દિવસથી જ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ભક્ત બની ગયા. શ્રીજી મહારાજ સાથેના સત્સંગમાં તેમના વાણી, વિચાર અને બોધથી પ્રભાવિત થયેલા વાઘા શાહે ભાવપૂર્વક વિનંતી કરી શ્રીજી મહારાજની પોતાના ઘેર પધરામણી કરી અત્યંત ભાવથી પ્રેમપૂર્વક શ્રીહરિને થાળ જમાડ્યા. શ્રીજી મહારાજ પણ આ ભક્તની લાગણી જોઈ રાજી થયા. બસ ત્યારથી જ ભક્તિના રંગે રંગાયેલા વાઘા શાહ તથા ખુથીયા પરિવારમાં વરેલ રતનબાએ શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે જીવન વ્યતીત કરવાનો સંકલ્પ કર્યો અને ચૂસ્ત સત્સંગી બની જીવવવાની શરૂઆત કરી. શ્રીજી મહારાજના ઉપદેશ મુજબ ચાલતાં બન્ને (ભાઈ-બહેન) ને પ્રતીતિ થઈ કે આપણને ભગવાન મળી ગયા છે. ભક્તકવિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ પોતાના ગ્રંથમાં વાઘા શાહને ભક્ત સમ્રાટ તરીકે વધાવ્યા છે તેમજ આપણા સંપ્રદાયના સાહિત્યમાં રતનબાની ભક્તિની પણ વિશેષ નોંધ લેવાઈ છે. શ્રીજી મહારાજની આજ્ઞાઓનું પાલન કરવાથી ભૌતિક સુખ અને આધ્યાત્મિક શાંતિ અનુભવતા આ પરિવારમાં પાંચેક પેઢીથી એવોને એવો સત્સંગ જળવાઈ રહ્યો છે. શ્રીજી મહારાજના બોધને આત્મસાત કર્યા છે અને શ્રીહરિની સેવા કરવા આ પરિવાર સદાય તત્પર રહે છે, તેમજ સેવાનો અવસર પ્રાપ્ત થતાં ધન્યતા અનુભવે છે. ખૂબ જ સામાન્ય અને ગરીબ સ્થિતિમાં રહેલો આ પરિવાર શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાને પાત્ર થયો અને આજે સમાજમાં અને સત્સંગમાં આગવું અને આગળ પડતું વિશેષ સન્માનનીય સ્થાન ધરાવે છે. તેમછતાં તેઓને અભિમાન સ્પર્શી પણ શક્યું નથી. આ બાબત તેમણે સત્સંગને પોતાના જીવન સાથે વણી લઈ શ્રીજી મહારાજને સમર્પિત થઈ ગયા છે તે વાતની પ્રતીતિ કરાવે છે.

આ ઉત્સવના યજમાનપદે અ.નિ. શ્રી રતનશી જેઠા પરિવાર, શ્રી ડુંગરશી ગોપાલ નીશર પરિવાર, શ્રી દામજી કરસન ખુથીયા પરિવાર, શ્રી

ભગવાનજી દાના આંજણા પટેલ, શ્રી ઘનશ્યામભાઈ શિવલાલ શાહ, શ્રી રમેશભાઈ હંસરાજ ખુથીયા, શ્રી ભચુભાઈ હરજી રાવળિયા આદિ થાણાના સમગ્ર સત્સંગીઓ રહ્યા હતા.

યજમાનો તથા સત્સંગ ભવનમાં નાની-મોટી સેવા કરનાર સર્વેનું ભુજ મંદિરના મહંતસ્વામી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવ પ્રસંગે ભુજ મંદિરના પરમ વંદનીય સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી સહિત ભુજ મંદિરના પર જેટલા સંતોએ ઉપસ્થિત રહી મહોત્સવને દિવ્યતા બક્ષી હતી. મહંતસ્વામી સહિત તમામ સંતોએ રાજીપો વ્યક્ત કરી યજમાનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ થાણા મધ્યે થતી સત્સંગની પ્રવૃત્તિઓ બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

સત્સંગ ભવનની સારસંભાળ અને વ્યવસ્થા માટે તેમજ પારાયણો અને ઉત્સવોના આયોજનમાં સરળતા રહે તેવા શુભ આશયથી નીચે મુજબના હરિભક્તોની સંચાલક સમિતિ તરીકે વરણી કરવામાં આવી હતી.

(૧) મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી (અધ્યક્ષ) (૨) શ્રી મોહનજીભાઈ રતનશીભાઈ ખુથીયા (પ્રમુખ) (૩) શ્રી રસિકભાઈ ડુંગરશી નીશર (ઉપપ્રમુખ) (૪) શ્રી અમરશીભાઈ ડુંગરશીભાઈ નીશર (મંત્રી) (૫) શ્રી નીતિનભાઈ દામજીભાઈ ખુથીયા (સહમંત્રી) (૬) શ્રી ભગવાનજીભાઈ દાનાભાઈ પટેલ (સહમંત્રી) (૭) શ્રી જયંતિલાલભાઈ રતનશીભાઈ ખુથીયા (ખજાનચી) (૮) શ્રી ઘનશ્યામભાઈ શિવલાલભાઈ શાહ (ખજાનચી) (૯) શ્રી ભચુભાઈ રવજીભાઈ રાવટીયા (સહખજાનચી).

માહિતી : શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી

અહેવાલ : ભરતભાઈ મહેતા

## સત્સંગીઓની સુવિધા : વિશ્રાંતિ ભવન - મુંબઈ

આપણા સંપ્રદાયના ખાસ કરીને કચ્છના ઘણા હરિભક્તો ધંધા-વ્યવસાર્થે વિદેશમાં વસીને સત્સંગની સુવાસ ફેલાવી રહ્યા છે. વિદેશ જતાં અને વિદેશથી વતન પાછા ફરતાં મુંબઈ વચ્ચે આવે છે. વર્તમાન સમયમાં છે એવી ભૂતકાળમાં વાહનવ્યવહારની સુવિધા નહોતી. વહાણ દ્વારા જળમાર્ગે મુસાફરી કરવી પડતી. વિદેશના આફ્રિકા ખંડ સહિતના વિભિન્ન સ્થળોએ પહોંચતાં કે ત્યાંથી પાછા વતન ફરતાં વહાણમાં કે સ્ટીમ્બરમાં૧૮ દિવસથી માંડીને બે-બે મહિના લાગી જતા. વિદેશ જાય ત્યારે અને વિદેશથી આવે ત્યારે મુંબઈમાં રાત રોકાવું પડતું. પરંતુ હરિભક્તો માટે રાતવાસાની કોઈ સગવડ નહોતી. મુંબઈથી અજાણ્યા અને ઓછું ભણેલા હોવાથી અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડતી. ઉપરાંત અજાણ્યો પ્રદેશ હોવાથી રાતવાસાની મોં માગી કિંમત ચૂકવવા છતાં સલામત અને સંતોષકારક સુવિધા ભાગ્યે જ મળતી. મુંબઈ રાતવાસો ન કરવો પડે અને સુવિધા પણ રહે તે આશયથી જ્યારે ભુજમાં શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૦૦મો પાટોત્સવ ઉજવાયો ત્યારે આફ્રિકા ખંડના ઘણા હરિભક્તો પોતાની ગાડીઓ લઈ જમીન માર્ગે આવેલા. આ વાત પરથી મુંબઈમાં કેટલી મુશ્કેલી પડતી તેનો અંદાજ સહેજે આવી શકે.

આ મુશ્કેલી દૂર કરવા માટે ભક્તોના આગ્રહને વશ થઈને શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નૈરોબીના ભક્તોએ તત્કાલિન મહંત અ.નિ. સ.ગુ. સ્વામી ધર્મનજીવનદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી, અ.નિ.સ.ગુ. સ્વામી મોરલીમનોહરદાસજી, અ.નિ. શ્રી હરિરામ વાઘજી આદિ સમક્ષ સમગ્ર હકીકત વ્યક્ત કરી તેનો કાયમી ઉકેલ લાવવા માટે વિનંતી કરી. આપણા સંતો તો

પરમ હિતકારી છે, તેમનાં હૈયામાં હરિભક્તો પ્રતિ વિશેષ ભાવ રહેલો છે. હરિભક્તોની આ તકલીફ દૂર કરવા સાથે મળીને કચ્છના ભક્તો માટે મુંબઈમાં વિશ્રાંતિભવન સ્થાપવાનો નિર્ણય લેવાયો. આ કાર્ય સંપન્ન કરવા માટે પ.ભ. શ્રી કાનજીભાઈ દેવકરણને જવાબદારી સોંપાઈ, તેમણે આ કાર્ય સહર્ષ ઉપાડી લીધું. વિશ્રાંતિ ભવનને અનુરૂપ વિશાળ જગ્યા સંપાદન કરવામાં આવી, વિશેષ યોગદાન આપવામાં આવ્યું શ્રી કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર, નૈરોબી તરફથી અને મુંબઈ મધ્યે ગામદેવીમાં વિશ્રાંતિભવનનું નિર્માણ થયું.

સમય સાથે સુવિધામાં પણ બદલાવ આવ્યો. હરિભક્તો વહાણને બદલે હવાઈમાર્ગ દ્વારા મુસાફરી કરવા લાગ્યા. હવે મુંબઈમાં વિશ્રાંતિભવનની સુવિધા તો થઈ પરંતુ એરપોર્ટથી ગામદેવી અંતર ઘણું વધારે હોવાથી ફરી પાછી મુશ્કેલી થવા લાગી. ટેક્સીવાળઓ મુસાફરોની ગરજ અને જરૂરીયાતને નજરસમક્ષ રાખી બેફામ ભાડા લેતા હતા અને આપણા ભક્તો લૂંટાતા હતા, છેતરાતા હતા. ઘણી વખત વિદેશથી આવ્યા બાદ ભુજ જવાના વિમાન માટે ત્રણ-ચાર કલાકનો જ સમય મળતો. આટલા સમયમાં ફ્રેશ ક્યાં થવું તે પ્રશ્ન મૂંઝવતો. ગામદેવી દૂર હતું, ત્યાં જાય અને પાછા ફરે ત્યારે ક્યારેક જો ટ્રાફીકમાં ફસાઈ જાય તો એરોડ્રામ પર સમયસર પહોંચી ન શકવાના કારણે ભુજની ફલાઈટ ચૂકી જવાના બનાવો પણ બનતા. જો કોઈ મહિલા એકલી આવી હોય તો પણ ચિંતા રહેતી. આવી બધી પરેશાનીઓને ધ્યાનમાં લઈ એરપોર્ટની નજીક બીજા વિશ્રાંતિભવન બનાવવાની જરૂરીયાત જણાતાં અ.નિ. સ.ગુ. મહંતસ્વામી હરિસ્વરૂપદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી આદિ વડીલ સંતો દ્વારા આજથી ૧૫ વર્ષ પહેલાં સત્સંગીની સુવિધા અર્થે વિલેપાર્લેમાં બીજા વિશ્રાંતિ ભવનના નિર્માણનો નિર્ણય લેવાયો. ભુજ મંદિર દ્વારા તે માટે સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી તથા સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીને કાર્યભારની સોંપણી કરવામાં આવી તથા પ.ભ. શ્રી લાલજીભાઈ ખીરા અને શ્રી પ્રેમજીભાઈ રાઘવાણીને આ સેવા સોંપવામાં આવી. અથાગ પરિશ્રમ બાદ મહામહેનતે કરોડો રૂપિયાના મૂલ્યની વિશ્રાંતિભવન માટે યોગ્ય જમીન સંપાદન કરવામાં બે વર્ષનો સમય લાગ્યો. પરંતુ શ્રીજી મહારાજની કૃપાથી બે વર્ષે પણ આખરે જમીન મળી ગઈ. વિશ્રાંતિભવન માટેનું ખાતમુહૂર્ત તા. ૧૩-૩-૯૭ ના શુભદિને પ.ભ. શ્રી રામજીભાઈ દેવજી વેકરીયા, ગામ નારાણપરના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. વિશ્રાંતિભવનના નિર્માણકાર્યમાં સંતો અને હરિભક્તો લાગી ગયા અને ટૂંક સમયમાં સુંદર વિશ્રાંતિભવનનું નિર્માણ થયું. આ નિર્માણકાર્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન તેમજ દેશ-વિદેશના હરિભક્તોનો દરેક બાબતોમાં પૂર્ણ સહયોગ સાંપડ્યો અને અદ્યતન સુવિધાઓથી સંપૂર્ણ સજ્જ એવા વિશ્રાંતિભવનની પ્રાપ્તિ આપણા હરિભક્તોને થઈ, જેનું સત્સંગાર્પણ તા. ૨૮-૧૨-૯૮ ના લાલજીભાઈ ખીરા શાહના યજમાનપદ હેઠળ કરાયું. ૪૪ રૂમો ધરાવતા આ વિશ્રાંતિભવનનું સંચાલન શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા કરવામાં આવે છે અને હરિભક્તોને વધુને વધુ સુવિધાઓ પ્રાપ્ત થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. હરિભક્તોને રાહતભાવે રહેવાની સગવડ મળે છે એટલું જ નહીં પરંતુ ફોન કરતાં જ વિશ્રાંતિભવનની ગાડી હરિભક્તોને લેવા માટે એરપોર્ટ પર તૈયાર ઊભી હોય. વિશ્રાંતિભવનથી એરપોર્ટ જવા માટે પણ ગાડીની સગવડ ઉપલબ્ધ છે. સારામાં સારા સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન તેમજ નાસ્તાની સુવિધા પણ આપવામાં આવે છે. આ સુવિધાનો દર મહિને ૨૫૦૦ થી ૨૮૦૦ હરિભક્તો લાભ લે છે. વિશ્રાંતિભવનમાં શ્રી નરનારાયણદેવની કૃપાથી મંદિરની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી જેમાં શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી

નરનારાયણદેવ અને શ્રી સહજાનંદ સ્વામી વિરાજમાન છે અને દર્શન આપે છે. આપણા મંદિરોની પરંપરા મુજબ અહીં પણ નિયમિત રીતે આરતી, કથા, કીર્તન, ધૂનના કાર્યક્રમો યોજાય છે અને ઉત્સવ-સમૈયાઓ પણ ઉજવાય છે. મંદિરના નિર્માણના કારણે કચ્છના વાગડ વિસ્તારના તેમજ અન્ય ભક્તોને સત્સંગનો એવો લાભ મળ્યો છે કે જાણે ઘર બેઠે ગંગા મળી ગઈ. વિશ્રાંતિભવન મહારાષ્ટ્રમાં ભુજ મંદિરનું કેન્દ્રસ્થાન બની ચૂક્યું છે. અહીં સંતો સતત કથા-વાર્તા-કીર્તનોનો લાભ આપે છે અને આનંદની વાત તો એ છે કે આપણા સંપ્રદાયના નવયુવાનો અને યુવતીઓ પણ પૂર્ણ શ્રધ્ધાથી સત્સંગનો લાભ લે છે.

આ વિશ્રાંતિભવનના ૧૨ મા પાટોત્સવ નિમિત્તે અ.નિ. રૂપશીભાઈ કરસનભાઈ ખુથીયાની પુણ્યસ્મૃતિમાં ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો અને હરિભક્તોની પ્રસન્નતાર્થે તા. ૧૮-૨-૧૧ થી તા. ૨૦-૨-૧૧ સુધી શ્રી નિષ્કુળાનંદ કાવ્ય ત્રયા પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ આનંદ અને ઉલ્લાસભેર ધામધૂમથી ઉજવાયો. વ્યાસપીઠ પર બિરાજમાન થઈ વક્તા પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ વિદ્વતાસભર પોતાની લાક્ષણિક શૈલીમાં કથામૃતનું રસપાન કરાવેલ. જ્યારે જ્ઞાનસભાનું સુંદર સંચાલન પુ. સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. કથાપારાયણમાં સંગીતની સુરાવલિઓ સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી અને સ્વામી શ્રીજીનંદનદાસજીએ રેલાવી શ્રોતાગણને ડોલાવી દીધા હતા. તા. ૧૮-૨-૧૧ ના બપોરે હરિભક્ત લાલજીભાઈ ખીરાભાઈ ખુથીયાના નિવાસસ્થાનેથી સુંદર રીતે સજાવેલ પોથીયાત્રા નીકળીને કથાસ્થળ શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન પહોંચી હતી. આ પોથીયાત્રામાં સુંદર પરંપરાગત વસ્ત્રો પરિધાન કરી હરિભક્ત ભાઈ-બહેનો ભક્તિભાવપૂર્વક હોંશેહોંશે જોડાયા હતા. તા. ૨૦-૨-૨૦૧૧ ના સવારે પાટોત્સવ નિમિત્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન, આરતી, અભિષેક તથા ઠાકોરજી સમક્ષ અન્નકૂટના વિવિધ થાળ ધરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે આરતીમાં મોટી સંખ્યામાં હરિભક્તો અને સંતોએ જોડાઈને શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની પોતાની નિષ્ઠા અને ભક્તિભાવ પ્રગટ કર્યા હતા. આ પવિત્ર પારાયણના યજમાન ખુથીયા પરિવારના અ.સૌ. શાંતાબેન કરમશી રૂપશીભાઈ ખુથીયા, સુપુત્ર નીતિનભાઈ અને મનિષભાઈ રહ્યા હતા. યજમાનો, ટ્રસ્ટીઓ તેમજ નાની-મોટી સેવા કરનારાઓનું ભુજ મંદિરના પ.પૂ. મહંતસ્વામી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

**:: વિશ્રાંતિભુવનનું સરનામું ::**

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન,
મિલન સબ-વેની બાજુમાં,
સર્વિસ રોડ, પાર્લા (ઈસ્ટ) મુંબઈ. ૪૦૦ ૦૫૭
ફોન નં. (૦૨૨) ૨૬૧૨૧૮૩૩
**E-Mail : shreejia@vsnl.com**
વિશ્રાંતિભુવન-વિલેપાર્લે

**:: સંચાલક સમિતિ ::**

(૧) મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી (અધ્યક્ષ) (૨) સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી (૩) સ.ગુ. સ્વામી ઘનશ્યામસેવકદાસજી (૪) સ.ગુ. સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી (૫) શ્રી લાલજીભાઈ શાહ (૬) શ્રી ધનજીભાઈ હાલાઈ (૭) શ્રી ઘનશ્યામભાઈ નીશર (૮) શ્રી ધરમશીભાઈ નીશર (૯) શ્રી પ્રેમજીભાઈ રાઘવાણી.

**:: ગામદેવીનું સરનામું ::**

શ્રીક.સ.સ્વામિનારાયણ વિશ્રાન્તિ ભુવન
ડો. કાશીબાઈ નવરંગ માર્ગ,
પોલીસ ચોકીની બાજુમાં, ગામદેવી - ૭ - મુંબઈ.
ફોન નં. (૦૨૨) ૨૩૮૦૪૯૩૪, ૨૩૮૦૪૩૯૭

:: શ્રી વિશ્રાંતિભવન (ગામદેવી)ની સંચાલક ટ્રસ્ટીઓ ::

(૧) મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી (અધ્યક્ષ) (૨) કોઠારી પાર્ષદ જાદવજી ભગત (ભુજ મંદિર) (૩) શ્રી ગોપાલભાઈ પ્રેમજી રાબડીયા-બળિદયા (૪) શ્રી ડાહ્યાલાલભાઈ હરજી પટેલ-સામત્રા (૫) શ્રી ધનજીભાઈ કેશરા પટેલ-દહીંસરા (૬) શ્રી રવજીભાઈ માવજી ભુડિયા-માધાપર (૭) શ્રીકરસનભાઈ જીણા જેસાણી-બળદિયા (૮) શ્રી વિશ્રામભાઈ દેવજી પટેલ-ગોધરા.

માહિતી : શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી

અહેવાલ : ભરતભાઈ મહેતા

## વિશ્રાંતિ ભવન, વિલેપાર્લે, મુંબઈ

### રૂમ ભાડાની માહિતી

વિશ્રાંતિ ભવનમાં જુદા-જુદા ગ્રેડની મેમ્બરશીપ પણ છે અને મેમ્બરને ભાડામાં રાહત પણ આપવામાં આવે છે. રૂમના ભાડાના રૂ. ની વિગત નીચે દર્શાવેલ છે. વિશ્રાંતિભવનમાં કુલ્લ 44 રૂમ છે.

| રૂમની વિગત | A-મેમ્બર | B-મેમ્બર | C-મેમ્બર | મેમ્બર ન હોય તો |
|---|---|---|---|---|
| સીંગલ બેડ | 400 | 450 | 500 | 800 |
| ડબલ બેડ | 500 | 600 | 700 | 1100 |
| ટ્રીપલ બેડ | 650 | 750 | 850 | 1350 |
| ફોર બેડ | 850 | 950 | 1050 | 1550 |
| નોન-બેડ ડબલ | 400 | 500 | 600 | 900 |
| એકસ્ટ્રા બેડ | 150 | 150 | 150 | 200 |
| જનરલ હોલ | 50 | 50 | 50 | 100 |

## ભુજ : તુલસીપત્રથી પૂજન

પ.પૂ. મહંતસ્વામીના આશીર્વાદથી સ.ગુ. હરિજીવનદાસજી સ્વામીની આજ્ઞાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજના યુવાનોએ શ્રીહરિના પ્રસાદીસ્વરૂપ જૂના સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨-૧-૨૦૧૧, રવિવારના રોજ સાંજે ૪ થી ૬:૧૫ દરમ્યાન શ્રીજી મહારાજના ૧૦૦૮ નામ સર્વમંગલ નામાવલિના મંત્રજાપ સાથે તુલસીપત્રથી પૂજન કરવાનું આયોજન કરેલ હતું. જેમાં સંતો તથા સાંખ્યયોગી બાઈઓએ તુલસીપત્રથી પૂજન કરેલ તેમજ હરિભક્તોએ તુલસીપત્ર-અક્ષતથી પૂજન કરેલ. બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી ને આ પૂજનનો લાભ લીધેલ. પૂજનવિધિ શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા શા. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કરાવી હતી. પૂજન બાદ મહાઆરતી કરવામાં આવી હતી જેમાં સ્વર-સંગીત વિદ્યાર્થી સંતોએ આપ્યું. મહાઆરતી વખતે દિવ્ય વાતાવરણ છવાઈ ગયું. સૌને આનંદ-આનંદ વર્તાયો. પૂ. મહંતસ્વામી તથા સ.ગુ. સ્વામી શ્રીહરિજીવનદાસજીએ સૌને રાજી થઈને ખૂબ આશીર્વાદ આપ્યા. કાર્યક્રમના સમાપનમાં શ્રીહરિના મંગલમય નામની ધૂન સાથે પ્રસાદ વિતરણ થયું હતું.

- અહેવાલ : સંજય ડી. અનમ

## :: ભાવાંજલિ ::

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજના સક્રિય, નિર્માની, નિષ્ઠાવાન એવા સત્સંગી અ.નિ. કાન્તિભાઈ મગનલાલ સલાટ તા. ૯-૧-૨૦૧૧, રવિવારે સવારે શ્રીજી મહારાજના નામનું સ્મરણ કરતાં આ દેહનો ત્યાગ કરી ભગવાનના દિવ્યધામ તરફ પ્રયાણ કર્યું. સંતો જ્યારે પણ સેવા કરવા પ્રેરે ત્યારે તેઓશ્રી હોંશે હોંશે સેવામાં જોડાઈ જતા હતા. એવા હરિભક્તની ખોટ પડી છે. શ્રીહરિ તેમના આત્માને પોતાની મૂર્તિનું ખૂબ જ સુખ આપે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન : શુભેચ્છા સમારોહ

ભુજ મંદિરના મહંત પ્રાતઃસ્મરણીય સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી તા. ૧૬-૦૨-૨૦૧૧ ના રોજ શ્રી નિત્યાનંદ પ્રાર્થના ખંડ, શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજમાં ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં સ્વાગત ગીત બાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જનકભાઈ ભટ્ટે શાબ્દિક આવકાર સાથે પ્રસંગ પરિચય આપતાં વિદ્યાર્થીઓને જ્ઞાનની સાથે યોગ્યતા કેળવવાની શીખ આપતાં જણાવ્યું કે જે સંસ્થા જીવન ઘડતરનું પ્રથમ સોપાન બની છે એવા આ વિદ્યાર્થીભવનનું ઋણ ક્યારેય વિસારશો નહીં. આ પ્રસંગે શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, સ્મૃતિ મંદિરના સંચાલક સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સંસ્થાના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજી, સંગીતજ્ઞ સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી આદિ સંતો, કેળવણીમંડળના પ્રમુખ શ્રી કરસનભાઈ જેસાણી તેમજ શ્રી ભરતભાઈ મહેતા, શ્રી કરસનભાઈ હાલાઈ, શ્રી લાલજીભાઈ રૂપાલીઆ, શ્રી અર્જુનભાઈ દબાસીયા, શ્રી અરવિંદભાઈ પિંડોરીયા આદિએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પધારેલા સર્વે સંતોનું ફૂલહારથી અને સર્વે મહાનુભાવોનું પ્રતિક ભેટ તથા પુષ્પહારથી સ્વાગત-સન્માન કરાયા બાદ પ્રાર્થના ગીત રજૂ કરાયું હતું. પ્રાસંગિક પ્રવચન કરતાં શ્રી કરસનભાઈ હાલાઈએ વિદ્યાર્થીઓને ભવિષ્ય સમૃધ્ધ બનાવવા માટે સદ્‌ગુણો અને સુસંસ્કારોને જીવનમાં મહત્ત્વ આપવા જણાવ્યું હતું.

ત્યારબાદ વિદ્યાર્થી ભવનના વિદ્યાર્થીઓ તરફથી સંસ્થાને પ્રતિક ભેટો અર્પણ કરાઈ હતી અને સંતો અને ટ્રસ્ટીઓ દ્વારા તેજસ્વી તારલાસમા સુંદર પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. વિદ્યાર્થી ભવનમાં રહીને અભ્યાસ કરતા ધો. ૧૦ ના વિદ્યાર્થીઓએ પોતાનાં પ્રતિભાવ આપતાં સંસ્થાની વ્યવસ્થા અને સંસ્થા તરફ લેવાતી વિદ્યાર્થીઓની સારસંભાળ સાથે વિદ્યાભ્યાસની તકેદારી અંગે વાતો કરતાં જણાવ્યું કે આવી સંસ્થા જ જીવન વિકાસનું કેન્દ્ર બની શકે અને સુદૃઢ સમાજનો પાયો બની શકે. આવી સંસ્થામાં રહી અભ્યાસ કરવાની તક મળવા બદલ પોતાને ભાગ્યશાળી ગણાવ્યા હતા.

ભક્તિગીત રજૂઆત બાદ સંસ્થાના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીએ જીવનને સંસ્કારયુક્ત બનાવી સમાજને ઉપયોગી થવાની ભલામણ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામીના ઉદ્‌બોધન બાદ સંસ્થાના સર્વે શિક્ષકો, ગૃહપતિઓ, કાર્યકરો અને અન્ય કર્મચારીઓનું સન્માન ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ દ્વારા કરાયું હતું. દરરોજ નિયમિત રીતે આરતીની કામગીરી સંભાળનાર વિદ્યાર્થીઓને પ્રતિક ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. ત્યારબાદ શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ પોતાની લાક્ષણિક શૈલીમાં વિદ્યાર્થીઓને જીવનની વાસ્તવિકતા સમજાવી માત્ર ડોક્ટરો અને ઈજનેરોથી જ સમાજ નથી બનતો, સમાજમાં અન્ય અનેક ક્ષેત્રો છે એ દરેક ક્ષેત્રો (જેવા કે વકીલ, મંત્રી, ક્લાર્ક) માં પણ તમારું યોગદાન આવશ્યક છે તેવું જણાવ્યું હતું. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ફીઝીયોથેરાપીસ્ટ ડો. હરિશ વરસાણીએ પોતાના અનુભવ રજૂ કર્યા હતા. તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી ઈલેક્ટ્રીકલ ઈજનેર શ્રી દિનેશ પીંડોરીઆએ સંસ્થા દ્વારા મળેલા સંસ્કારો જીવનને કેટલું સુદૃઢ બનાવે છે અને જીવનના વિકાસ પથ પર પ્રકાશ પાડે છે તે જણાવી, કારકિર્દી ઘડતર માટે જ્યારે પણ આવશ્યકતા હોય ત્યારે વિદ્યાર્થીઓને મળવાની તત્પરતા બતાવી હતી.

આભારદર્શન શિક્ષક શ્રી ટીનેશભાઈ ગોરે કર્યું હતું જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હિતેશભાઈ વ્યાસે કર્યું હતું.

- અહેવાલ : સ્વામી અક્ષરમુક્તદાસજી

**ગ્રાહકો અને વાચકોને સૂચના**

આપ ધર્મસંદેશ કાર્યાલયને કોઈ પણ માહિતી જણાવવા ઈચ્છતા હો તો નીચેના ઈમેઈલ દ્વારા જણાવી શકો છો.

E-mail :- Sandesh@bhujmandir.org

## પ્રજાસત્તાકદિનની ઉજવણી

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંતસ્વામી સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય તથા શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન દ્વારા ૬૨ મો પ્રજાસત્તાક દિવસ ઉજવવામાં આવ્યો.

આ પ્રસંગે સફળ અને સબળ સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજી, સહયોગી સ્વામી ભક્તિનંદનદાસજી, વિદ્યાર્થી ભવનના પ્રમુખ શ્રી મુરજીભાઈ શીયાણી, કેળવણી મંડળના પ્રમુખ શ્રી કરસનભાઈ જીણા જેસાણી, ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ પિંડોરીયા, મંત્રી શ્રી અરજણભાઈ, વાઘજીભાઈ વેકરીયા, જાદવા બાપા, વિદ્યાલયના આચાર્ય શ્રી મગનભાઈ સુથાર સાહેબ, શિક્ષકગણ તથા ભવનના સ્ટાફે હાજરી આપી હતી.

શા. સ્વામીશ્રીએ રાષ્ટ્રધ્વજ લહેરાવી ધ્વજવંદન કરાયા બાદ રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિના ઉદાહરણો વર્ણવી પ્રસંગોચિત પ્રેરક પ્રવચન કર્યું હતું અને દેશ માટે સર્વસ્વ નિછાવર કરવાની શીખ આપી હતી. ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીગણ આ પ્રવચનથી પ્રભાવિત થયા હતા.

આચાર્યશ્રી સુથાર સાહેબે ગણતંત્રદિનનું મહત્ત્વ સમજાવી વતન પ્રત્યેનું ઋણ અદા કરવા સમજાવ્યું હતું.

કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ પિંડોરીયાએ તથા ભવનના પ્રમુખ શ્રી મુરજીભાઈ શીયાણીએ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યાં હતાં.

વિદ્યાલયના વિદ્યાર્થીઓએ દેશભક્તિનું સુંદર રૂપક રજુ કર્યું હતું. વિદ્યાર્થીઓએ અદ્‌ભૂત પિરામીડની કરતબો બજાવી સર્વેને મંત્રમુગ્ધ કર્યા હતા. ખેલાડીઓને પુરસ્કારરૂપે ભવન તરફથી નોટબુક તથા કી-ચેઈન તથા વિદ્યાલય તરફથી પુસ્તક આપવામાં આવ્યા.

આ કાર્યક્રમનું સંચાલન સુંદર રીતે શ્રી હિતેશભાઈ વ્યાસે કર્યું હતું.

- અહેવાલ : શા. સ્વામી હરિવલ્લભદાસજી

## સુખપર : ત્રિપાદી શતાબ્દિ

ગામ સુખપર (ભુજ) ની સ્થાપનાને ૧૭૫ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે તથા બ્રહ્મનિષ્ઠ તપોમૂર્તિ અ.નિ. સંત સ.ગુ. પતિતપાવનદાસજીની સ્મૃતિમાં સ.ગુ. નિષ્કુળાનંદમુનિ રચિત ''નિષ્કુળાનંદ કાવ્ય'' અંતર્ગત 'ભક્તિનિધિ' શાસ્ત્રની કથાનો મહોત્સવ તા. ૨૧-૧-૨૦૧૧ થી ૨૫-૧-૧૧ સુધી ઉજવવામાં આવ્યો.

અત્રે એ જાણવું રસપ્રદ છે કે સુખપર ગામની સ્થાપના ભગવાન શ્રી સ્વામિનારાયણે બતાવેલી જમીન ઉપર તેમની આજ્ઞા અને આશીર્વાદ સાથે કરવામાં આવેલી તેને ૧૭૫ વર્ષ થતાં ત્રિપાદશતાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

આ મહોત્સવમાં તા. ૨૧-૧-૧૧, રાત્રે ૮ થી ૧૦ યુવાશિબિર, તા. ૨૩-૧-૧૧ ના રાત્રે રાસોત્સવ અને તા. ૨૪-૧-૧૧ ના જીતુભાઈ દ્વારકાવાળાનો હાસ્યરસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કથાના વક્તા સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી હરિપ્રસાદદાસજી તથા શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ સરળ શૈલીમાં કથાના અમૃતરસનું પાન કરાવી સૌને રાજી કર્યા.

સભાનું સંચાલન સ્વામી ધર્મચરણદાસજી તથા સ્વામી જયકૃષ્ણદાસજીએ કર્યું.

કથાના દિવસોમાં દરરોજ બન્ને સમય ભોજનરૂપી પ્રસાદનો લાભ સર્વે ઉપસ્થિત હરિભક્તોએ લીધો હતો.

વિદ્વાન સંતોના પ્રવચનો સાથે શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. કથાના ચતુર્થ દિવસે પ્રભાતફેરીનો કાર્યક્રમ ગામને પ્રેરણાદાયક બન્યો હતો.

ગામના દાતાઓએ ઉત્સવમાં દાન દ્વારા પોતાનો સહયોગ આપી શ્રીહરિનો રાજીપો અને સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિભવન વિલે પાર્લેના ૧૨મા વાર્ષિક પાટોત્સવની આછી ઝલક

























(૧) ત્રિદિવસીય પોરાયણની પોથીયાત્રામાં જોડાયા સંતો તથા મુંબઈના ભક્તો. (૨) પોથીઓના પૂજન બાદ યજમાન પરિવારના બહેનો ગાજતે વાજતે સભા સ્થળે લઈ જઈ રહ્યા છે. (૩) યજમાનશ્રીઓને ગણેશ સ્થાપનવિધિ કરાવતા પ.પૂ. ઘનશ્યામસેવકદાસજી સ્વામી. (૪) કથા રસપાન કરતા મુંબઈના ભક્તો. (૫) સભામાં ઉપસ્થિ સંતો. (૬) પારાયણની આરતી ઉતારતા યજમાનશ્રીઓ સાથે વિશાળ ભક્ત સમુદાય. (૭) પારાયણની આરતીનો લાભ લેતા યજમાન બહેનો. (૮) ૧૨મા વાર્ષિક પોટાત્સવના શુભદિવસે શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી મહાભિષેક કરતા યજમાન પરિવાર સાથે સંતો.

# શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિભવન વિલે પાર્લેના ૧૨મા વાર્ષિક પાટોત્સવની આછી ઝલક


૧


૨


૩


૪


૫


૬


૭

૮

(૧) પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ. મહંત સ્વામી તથા યજમાનશ્રીઓ. (૨) શ્રીઠાકોરજીના ૧૨મા વાર્ષિક પાટોત્સવના ૫૬ ભોગ સાથે દિવ્ય દર્શન. (૩) વક્તાશ્રીનું પૂજન કરતા પ.ભ. શ્રી કરમશીભાઈ. (૪) વક્તાશ્રીનું પૂજન કરતા પ.ભ. શ્રી મનિશભાઈ (૫) યજમાન પરિવાર તથા સમગ્ર મુંબઈવાસી ભક્તોને દર્શન તથા આશીર્વાદ આપતા પ.પૂ. મહંત સ્વામી તથા સ.ગુ. શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી. (૬) પારાયણના ભાગ્યશાળી યજમાન તથા સુપુત્રોને આશીર્વાદ સાથે પહેરામણી સ્વીકારતા ધન્ય બની રહ્યા છે. (૭) બહેનોને સત્સંગની વાતોથી તૃપ્ત કરતા સેલારીના સાં.યો. બહેનો. (૮)

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન - થાણાનો પ્રતિષ્ઠા તથા ઉદ્‌ઘાટન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો



સપ્તાહ પારાયણની પોથીઓનું પૂજન કરી પોથીયાત્રામાં જોડાયેલ યજમાન પરિવારના ભાઈઓ.



સપ્તાહ પારાયણની પોથીઓનું પૂજન કરી પોથીયાત્રામાં જોડાયેલ યજમાન પરિવારની બહેનો.



પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન કથાશ્રવણ કરતા વિશાળ સમૂદાયમાં હરિભક્તો.



પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન કથાશ્રવણ કરતા વિશાળ સમૂદાયમાં કર્મયોગી બહેનો



કથાપારાયણની આરતીનો લાભ લેતા પ.પૂ. મહંત સ્વામી સાથે યજમાનશ્રીઓ



નૂતન સત્સંગભવનમાં મૂર્તિઓનો વિધિ સંપન્ન કરતા પ.પૂ. મહંત સ્વામી તથા પ.પૂ. કેશવપ્રસાદદાસજી સ્વામી



૧ દિવસીય વિષ્ણુયાગમાં આહૂતિ આપતા યજમાનશ્રીઓ



સત્સંગભવનમાં પ્રતિષ્ઠિત ઠાકોરજીની આગળ ૫૬ ભોગના થાળ ધરાવવામાં આવ્યા હતા.



શ્રી સ્વામિનારાયણ સત્સંગભવનના સંચાલક ભક્તોને સંતો આશીર્વાદ આપી રહ્યા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન - થાણાનો પ્રતિષ્ઠા તથા ઉદ્‌ઘાટન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો



સત્સંગ ભવનના ઉદાર દિલે જેને
સેવા કરી છે એવા
પ.ભ. ડુંગરશિ ગોપાલ નિશર પરિવાર



સત્સંગ ભવનમાં જેનું ખૂબજ મોટું યોગદાન એવા
પ.ભ. અ.નિ. રતનશીભાઈ જેઠા ખુથીયા પરિવારના
પુત્રો, પૌત્રોને પ.પૂ. સંતો આશીર્વાદ આપી રહ્યા છે.




દાનવીર પ.ભ. લાલજીભાઈ ખીરા તથા
સુપુત્ર પૌત્ર તેમજ દાતા નેણશીભાઈ
પણ આશીર્વાદ લઈ રહ્યા છે.



ઠાકોરજીની શોભાયાત્રામાં વાજીત્રો
સાથે મંડળીવાળા હરિભક્તો.



ઠાકોરજીની શોભાયમાન ૫ કી.મી.
વિશાળ શોભાયાત્રામાં જોડાયેલ
સંતો, ભક્તો તથા બહેનો



સત્સંગ ભવન ઉદ્‌ઘાટન પ્રસંગે ખાસ
પધારેલા પ.પૂ. મહંત સ્વામી



સત્સંગ ભવન ઉદ્‌ઘાટન મહોત્સવના
વક્તા પુ. શ્રીપ્રકાશદાસજી સ્વામી



સત્સંગ ભવન ઉદ્‌ઘાટન મહોત્સવના
વક્તા પુ. કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી

## માંડવી : સિધ્ધિનું સોપાન

સંતોની પ્રેરણા અને માર્ગદર્શનથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા યુવાનોપયોગી વિવિધ સુંદર પ્રવૃત્તિઓ સમગ્ર કચ્છમાં યોજાતી રહે છે. માંડવી મધ્યે પણ 'શ્રી વૃંદાવન કપ-૨૦૧૧' ક્રિકેટ ટુર્નામેન્ટનું સુંદર અને સુવ્યવસ્થિત આયોજન કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેને સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. નાગલપર પાંજરાપોળ ગ્રાઉન્ડ પર યોજાએલ આ ટુર્નામેન્ટમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની જુદા-જુદા સ્થળોની બાર ટીમોએ હોંશ અને જુસ્સાભેર ભાગ લીધો હતો. માંડવી મંદિરના કોઠારી સ્વામી હરિમુકુંદદાસજી, પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજી આદિ સંતોએ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. આ ટુર્નામેન્ટ દરમ્યાન આપણા સંપ્રદાયના યુવકોએ ક્રિકેટ રમત દ્વારા એકતા અને સંગઠનનો પરિચય આપ્યો હતો અને સત્સંગ દ્વારા કેળવાયેલા સુસંસ્કારોની સુગંધ પ્રસરાવી હતી. ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર શ્રી નરેન્દ્રભાઈ મુળજી રાબડીયા આદિ ભક્તો રહી યુવકોને પ્રોત્સાહિત કર્યા હતા. છેલ્લા ત્રણ વર્ષથી માંડવી મધ્યે આ ટુર્નામેન્ટ યોજાય છે અને યુવકોને ઉત્સાહિત કરે છે.

સંતોની પ્રેરણાથી યોજાયેલ આ ટુર્નામેન્ટમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-માંડવીની ટીમ ચેમ્પીયન થઈ હતી. ઈનામ વિતરણ કાર્યક્રમમાં સંતોએ યુવાશક્તિને બિરદાવી હતી અને તા. ૨૪-૧-૧૧ ના યોજાયેલ આ કાર્યક્રમમાં ચેમ્પીઅન ટીમને 'શ્રી વૃંદાવન કપ' ટ્રોફી ખેલાડીઓ અને હરિભક્તોની બહોળી હાજરીમાં સંતોના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવી હતી અને સંતોએ સર્વે ક્ષેત્રે પ્રગતિ માટે અને સત્સંગની પ્રવૃત્તિ માટે શુભેચ્છા સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

- અહે. : સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી (માંડવી)

## ભક્તિનગર : શાકોત્સવ

મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની કૃપાથી તથા વડીલ સંતોના આશીર્વાદથી ગામ ભક્તિનગરના આંગણે પહેલીવાર શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય યજમાન દબાસીયા પરિવાર રહ્યા હતા. સવારના દીપપ્રાગટ્ય તથા સંતોની અમૃતવાણીનો લાભ મળ્યો હતો. સ્વામી સનાતનદાસજી, સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી જગતપાવનદાસજીએ હાજરી આપી હતી. આખા ગામે શાકોત્સવનો પ્રસાદ લીધો હતો. જાણે શ્રીજી મહારાજના સમયમાં લોયાનો શાકોત્સવ હોય એવું વાતાવરણ હતું.

સાંજે સત્સંગસભામાં સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજીએ વ્યસન છોડવાનું, પૂજાનો નિયમ લેવાનું અને પંચવર્તમાન વિશે સમજાવ્યું. તેઓએ જીવા ભગતની વાત સમજાવી એક સ્વામિનારાયણ ભગવાનની ટેક રાખવી એમ જણાવી સભાને અક્ષરધામની ઉપમા આપી હતી. - અહે. : જોધાણી રમીલા દેવજી

## આમારા : મહાપૂજા-શાકોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર- આમારા મધ્યે સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી સ્વામીના મંડળના સંતો સ્વામી મુકુંદજીવનદાસજી આદિ સંતો નામ ધર્માદા અર્થે તા. ૨૨-૧-૨૦૧૧ના રોજ પધાર્યા હતા. તેમણે તા. ૨૩-૧-૧૧ થી તા. ૨૯-૧-૧૧ સુધી સાત દિવસ રાત્રિકથા, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીના મુખેથી સત્સંગભૂષણની સુમધુર કથાનું રસપાન કરાવ્યું હતું. આવનાર પેઢીમાં સુસંસ્કારોનું સિંચન, વ્યસનથી મુક્ત સમાજનું ઘડતર, યુવાવર્ગને ધર્મ પ્રત્યે તકેદારી રાખવાની ખાસ ભલામણ કરી હતી. દરરોજ નવા-નવા યજમાન અને અવનવા પ્રસાદનો લ્હાવો અનેરો હતો. સ્વામી સુવ્રતમુનિદાસજીના હારમોનિયમના સંગીત સાથે કિર્તન તથા ધુન તથા યજમાન પરિવારના હાથે ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી.

૨૬ મી જાન્યુઆરી (પ્રજાસત્તાકદિન) ના રોજ સંતોએ બાળકોને આશીર્વાદ આપી નોટબુક અને પેનનું વિતરણ કર્યું હતું. આચાર્ય શ્રી નરોત્તમભાઈ રાઠોડે સંતોનો આભાર માન્યો.

શ્રી ઘનશ્યામ બાળમંડળના ભૂલકાંઓને

ઈનામ આપી રાજી કર્યા હતાં.

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રીજી મહારાજની અસીમકૃપાથી કેનર નદીને કાંઠે શ્રી હનુમાનજી મંદિરના પટાંગણમાં પ.પૂ. સંતો તથા હરિભક્તોના સહકારથી આ શાકોત્સવનું આયોજન ભક્તિભાવથી પૂર્ણ થયું. શાકોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ગોવિંદ મનજી ચૌહાણ રહ્યા હતા.

તા. ૨૭-૧-૧૧ ના રોજ શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ શાકોત્સવની સરસ મજાની કથાનું રસપાન કરાવ્યું. આ ઉત્સવમાં સ્વામી મુકુંદજીવન દાસજી, સ્વામી હરિબલદાસજી, સ્વામી વિશ્વજીવન દાસજી વગેરે નાના-મોટા સંતો પધાર્યા હતા અને આશીર્વાદ આપી પ્રસંગને વધુ દિવ્ય બનાવ્યો હતો. તપોવન ગુરુકુલથી સ્વામી દેવચરણદાસજીએ પધારી સભાનું સંચાલન કર્યું હતું. સંતોએ આમંત્રિત મહેમાનો, યજમાનો તથા પ્રસંગમાં સેવા કરનાર યુવાનોને પુષ્પહારથી સન્માનિત કરવામાં આવ્યા.

સમાજના પ્રમુખ શ્રી નારણભાઈ નાનજી ચૌહાણે સંતોની સેવા કરનાર સર્વેનો આમંત્રિત મહેમાનો તથા યુવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. ઠાકોરજીને થાળ જમાડી સંતો તેમજ સૌ હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ ધુન સાથે મહાપ્રસાદ લીધો હતો.

આમારામાં મહાપૂજાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જય શ્રી સ્વામિનારાયણ.

- અહેવાલ : ક. શ્રી ન. ના. દેવ યુવક મંડળ-આમારા

## અંજાર : શાકોત્સવ

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસની પૂર્ણાહુતિ ભક્તિભાવપૂર્વક કરવામાં આવી હતી તથા તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, રવિવારના શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ભુજ, માંડવી મંદિર અને ગુરુકુલોના પૂ. સંતો પધાર્યા હતા. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી વગેરે વડીલ સંતો ખાસ ઉપસ્થિત રહેલ. શાકોત્સવના યજમાન અ.નિ. પ્રેમજીભાઈ નરસીભાઈ હાલાણી હસ્તે હરિઓમ ભાઈ, સુપુત્ર નિરજકુમાર સહ પરિવાર રહ્યા હતા.

પૂ. કોઠારી શા. સ્વામી નારાયણમુનિ દાસજીએ શાકોત્સવનું આયોજન શા માટે કરવામાં આવે છે તે અંગે જણાવ્યું હતું કે, શ્રીજી મહારાજે ઉત્સવ પરંપરાને પરિશુધ્ધ વૈદિક અને સાત્વિક રીતે ઉજવવાની રીતિ જાતે ઉત્સવો ઉજવીને બતાવી છે. હરિભક્તોને તેનો મહિમા સમજાય તેની સ્મૃતિથી અંતકાળે શ્રીહરિની સ્મૃતિ થઈ આવે આવું પ્રયોજન છે અને તેની સાથે હરિભક્તોને આનંદ કરાવવા અને લાડ લડાવવાનો આશય છે. આવા ઉત્સવો પૈકી ''લોયા ધામ'' ખાતેના શ્રીજી મહારાજે ઉજવેલા શાકોત્સવને સ્મરણીય બનાવવા દર વર્ષે આ દિવ્ય-ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવે છે.

શાકોત્સવના પ્રારંભે કથાવાંચન પુ. સ્વામી નિર્ભયચરણદાસજીએ કરેલ. પ.પૂ. પ્રાતઃસ્મરણીય મહંત સ્વામી તથા સ.ગુ. સ્વામી પુ. શ્રીહરિદાસજીએ યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું તથા સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી તથા પુ. સ્વામી બદ્રીશ્વર દાસજીએ આશીર્વચન આપેલ અને વિદ્યાર્થી સંતોએ ધુન-કીર્તન કરી ભક્તિરસથી તરબોળ કર્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા કોઠારી પ્રેમજીભાઈ હીરાણી, ટ્રસ્ટીમંડળના સદસ્યો તથા અંજાર વાડીવિસ્તાર તથા બેન્સા વિસ્તારના હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના હરિભક્તોએ જહેમત લીધી હતી.

- અહેવાલ : ઠક્કર મેહુલકુમાર પી. (અંજાર)

## માધાપર : પંચાહ્ન પારાયણ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોના રૂડા આશીર્વાદથી ગામ માધાપર શ્રી સ્વામિનારાયણના બન્ને મંદિરમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન

તા. ૧૧-૨-૨૦૧૧, શુક્રવારથી તા. ૧૫-૨-૨૦૧૧, મંગળવાર સુધી રાખવામાં આવેલ. કથા પારાયણના યજમાનપદે જીવીબાઈ લાલજી નારણ વેકરીયા પરિવારના મોક્ષાર્થે તથા શ્રીજી પ્રસન્નતાર્થે પારાયણનો લાભ લીધો હતો.

આ કથા પારાયણના વક્તાપદે સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા સ્વામી હરિપ્રસાદદાસજી તથા પુ. સ્વામી કેશવપ્રિયદાસજીએ સમધુર વાણીથી શ્રીમત્ સત્સંગિજીવન પ્રકરણ અંતર્ગત શ્રીહરિના મંગલ લીલાચરિત્રોનું અમૃતરસપાન કરાવી ભક્તજનોને રાજી કર્યા હતા. આ પ્રસંગે મંડળના વડીલ સંત સ.ગુ. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજીએ ભક્તજનોને રાજી કર્યા હતા.

કથા પારાયણના ચોથા દિવસે ભુજ મંદિરેથી સ.ગુ.પુ. સ્વામી ધર્મપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી સનાતનદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી હરિબળદાસજી તથા પુ. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી તથા બપોર પછી સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી તથા સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી આદિ સંતો પધાર્યા હતા.

આ કથાના બીજા દિવસે રાત્રે ૮:૩૦ વાગ્યે યજમાનના ઘરે ઠાકોરજી બેન્ડપાર્ટી મંડળી સહિત પધરામણી કરવા પધાર્યા હતા. અને છેલ્લે પાંચમા દિવસે કથાના યજમાન પરિવાર તરફથી એક ટાઈમ સાંજે ભોજનપ્રસાદનું આયોજન પણ રાખવામાં આવેલ.

સમાપ્તિના દિવસે બહેનોના મંદિરમાંથી છાબની ભેટ લઈ આવવામાં આવેલ અને વડીલ સંતોએ યજમાન પરિવાર તથા ગામના સર્વે ભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા. છેલ્લે યજમાન પરિવારને ભુજ મંદિર તથા માધાપર મંદિર તરફથી પહેરામણી આપી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ ઉત્થાનવિધિ, પૂજનવિધિ કરી પંચાહ્ન પારાયણની સમાપ્તિની આરતી કરી કીર્તન ધુન્ય સાથે સંપૂર્ણ ઉત્સવની સમાપ્તિ કરવામાં આવેલ.

- અરજણભાઈ (મંત્રી)

## સરદારનગર : કથા પારાયણ

ભુજ મંદિરના પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને પ.પૂ.સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીના આશીર્વાદ અને પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, સરદારનગર, તા. ભચાઉ મધ્યે સ્વામી શ્રી નિષ્કુળાનંદજીના કાવ્ય આધારિત એકદિવસીય કથા પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તા સ્વામી કેશવપ્રિયદાસજીએ પોતાની રસપ્રદ શૈલીમાં શ્રોતાવર્ગને ભક્તિનું રસપાન કરાવ્યું હતું. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ મંડળના નાના-મોટા સંતોની હાજરીએ પ્રસંગને દિવ્ય બનાવ્યો હતો. ભુજથી ખાસ પધારેલ ભુજ મંદિરના કોઠારી પાર્ષદ પ.પૂ. જાદવજી ભગત સાથે ભુજ મંદિરના ટ્રસ્ટીઓ સર્વ શ્રી રવજીભાઈ માવજી ભુડિયા (કોઠારી), પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી, ખીમજીભાઈ હરજી હાલાઈ, આદિ તેમજ હરિભક્તો સર્વ શ્રી મનજીભાઈ, નાનજી નોર, (મુંબઈ,નરસિંહભાઈ નારાણ ભુટક, કરસનભાઈ ભુટક, દેવજીભાઈ આદિ ઉપસ્થિત રહ્યા હતા. અંજાર, ભચાઉ અને રાપરના હરિભક્ત ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી કથાપ્રસંગને માણ્યો હતો તેમજ વાગડ પ.પૂ. સાંખ્યયોગી બહેનોએ પણ ઉપસ્થિત રહી ભક્તિભાવ પ્રદર્શિત કર્યો હતો.

કથાના યજમાનપદે રામપરના (હાલે ગાંધીધામ શ્રી કરસનભાઈ મનજી હીરાણી પરિવાર રહ્યા હતા. બપોરે યજમાનશ્રી તરફથી મહાપ્રસાદ-ભોજનનો લાભ સૌએ લીધો હતો.

- અહેવાલ : સ્વામી પ્રેમપ્રકાશદાસજી

## શ્રીહરિ તપોવન ગુરુકુલ : શિક્ષાપત્રી જયંતી

દિનાંક ૮-૨-૨૦૧૧, મંગળવાર, વસંતપંચમીના શુભદિને શ્રીહરિતપોવન ગુરુકુલ-ગંગાજી, રામપર-વેકરા દ્વારા સંચાલિત શ્રીહરિવિદ્યા મંદિરના પ્રાથમિક-થી ઉ.મા. વિભાગના બાળકો દ્વારા ''શિક્ષાપત્રી

જયંતી'' ની સુંદર ઉજવણી કરવામાં આવી.

સંસ્થા સંચાલક શા. સ્વામી શ્રીદેવચરણ દાસજીના આયોજન તેમજ પુ. સ્વામી શ્રી ભક્તિવિહારીદાસજીના માર્ગદર્શન હેઠળ દેવના દિવ્ય સાંનિધ્યમાં સંપ્રદાયના તમામ હરિભક્તોને શ્રીહરિના અક્ષરરૂપી દેહે દર્શન કરાવતા પરમ પવિત્ર શિક્ષાપત્રી ગ્રંથનું પૂજન કરવામાં આવેલ. પૂજન વખતે સંતમુખે શિક્ષાપત્રીના શ્લોકના ઉચ્ચારણ અને બાળકો દ્વારા અક્ષત તથા તુલસીપત્ર વડે થતા શિક્ષાપત્રી શાસ્ત્રપૂજનથી અલૌકિક વાતાવરણ સર્જાતું રહ્યું.

વિદ્યામંદિરના શિક્ષકગણે પણ આ શાસ્ત્રનો મહિમા કંઈક વિશેષ સ્વરૂપે ગાયો. શાળા કક્ષાએ આ પવિત્રદિને સ્પર્ધાનું આયોજન થયું. જેમાં પ્રાથમિક વિભાગના બાળકો દ્વારા શિક્ષાપત્રીના ત્રણ શ્લોકનો ગુજરાતી અનુવાદ તેમજ માધ્યમિક વિભાગના બાળકો માટે પાંચ શ્લોકના અનુવાદ કંઠસ્થ બોલવાની સ્પર્ધા યોજાઈ. ઉ.મા. વિભાગના વિદ્યાર્થીઓ માટે ''શિક્ષાપત્રી એક ધર્મશાસ્ત્ર'' આ વિષય પર ૩ મિનિટ સ્વમંતવ્ય રજુ કરવાની સ્પર્ધા યોજાઈ. શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારે આખાય વાતાવરણમાં બસ શિક્ષાપત્રી જ છવાઈને રહી.

કાર્યક્રમને અંતે નિર્ણાયકોએ નિર્ણય જાહેર કર્યો જેમાં પ્રાથમિક વિભાગની સ્પર્ધામાં ડાંગર ગોપાલ સુરેશભાઈ પ્રથમ, નાકરાણી નિખિલ વસંતભાઈ દ્વિતીય તથા આસાણી કિશોર હરજીભાઈ તૃતીય સ્થાન મેળવેલ તથા માધ્યમિક વિભાગની સ્પર્ધામાં બરાડીયા કેતન ખીમજીભાઈ પ્રથમ, છાંગા બાબુ નારણભાઈ દ્વિતીય તથા વરસાણી રીકેશ ઘનશ્યામભાઈએ તૃતીય સ્થાન મેળવેલ તેમજ ઉ.મા. વિભાગમાં મરંડ સુનિલ પુનાભાઈ પ્રથમ, જોષી અભિષેક રમણીકલાલ દ્વિતીય તથા ઠાકરાણી બિપિન કરમશીભાઈ તૃતીય સ્થાન મેળવી સંતોના રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

સ્પર્ધાના આયોજનમાં શ્રીહરિ વિદ્યા મંદિરના ત્રણેય વિભાગના તમામ શિક્ષકોએ હર્ષભેર જહેમત ઉઠાવી હતી. - અહેવાલ : નયન હ. ચાવડા

## શ્રીહરિ તપોવન ગુરુકુલ : પ્રજાસત્તાક દિનની ઉજવણી

શ્રીહરિ તપોવન ગુરુકલ-ગંગાજી રામપર વેકરા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિર ખાતે ૬૨ મા પ્રજાસત્તાક દિનની સંતમંડળ, ટ્રસ્ટીમંડળ, મહેમાનો, વાલીગણ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન વિદ્યાર્થીઓની બહોળી હાજરીમાં પ્રજાસત્તાકદિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરથી પધારેલ સ.ગુ. પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, પુ. સ્વામી કેશવપ્રિયદાસજી, ગુરુકુલ સંચાલક શા. સ્વામી દેવચરણદાસજી, પુ. સ્વામી ભક્તિવિહારીદાસજી તેમજ વિદ્યાર્થી સંતોની દિવ્ય ઉપસ્થિતિ તથા સંસ્થાના સ્તંભસમાન ઉપપ્રમુખ શ્રી મનજીભાઈ જાદવા ભુડિયા, ખજાનચી શ્રી વાલજીભાઈ લાલજી આસાણી, શિક્ષણ સમિતિ સદસ્ય શ્રી કાન્તિભાઈ વેકરીયા, શ્રી વિજયભાઈ કારા, શ્રી પ્રવિણભાઈ હીરાણીની વિશેષ ઉપસ્થિતિમાં ત્રિરંગાને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો હતો. આ સમયે સઘડું વાતાવરણ રાષ્ટ્રીય જયઘોષથી ગૂંજી ઉઠ્યું હતું.

કાર્યક્રમના પ્રથમ ચરણમાં વિદ્યાર્થી દ્વારા પ્રાર્થના રજૂ થયા બાદ પધારેલ સર્વે અતિથિઓનું સંચાલક સ્વામીશ્રીએ ભાવભર્યું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સ.ગુ.પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ વાત્સલ્યવાણીમાં ગુરુકુલની દિનચર્યાને અભિનંદિત કરી સભાસદોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

દ્વિતીય ચરણમાં શ્રીહરિ વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરક સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ભક્તિનાટક, એકાંકી, અભિનય ગીત, એકપાત્રિય અભિનય અને પિરામીડ પ્રાત્યક્ષીકે સભાસદોને મુગ્ધ કર્યા હતા. ઉપસ્થિત વાલીગણે વિવિધ પ્રકારની ભેટો દ્વારા વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. અંતમાં શાળાના શિક્ષક

શ્રી કે. આર. પટેલે આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન શાળાના નિયામક શ્રી નયનભાઈ ચાવડાએ સંભાળ્યું હતું અને આચાર્ય શ્રી ડી. પી. જાડેજા, સર્વે શિક્ષકો તથા ગુરુકુલ કર્મચારી ગણે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

- અહેવાલ : દિનેશભાઈ ખત્રી

## શ્રી સહજાનંદ ગુરુકુલ-માનકુવા : વોલીબોલમાં વિદ્યાર્થીની સિધ્ધિ

યુવક અને રમત-ગમત પ્રવૃત્તિ વિભાગ-ગાંધીનગર દ્વારા સુરત ખાતે યોજાયેલ ગ્રામીણ રાજ્યકક્ષાની વોલીબોલ સ્પર્ધામાં શ્રી સહજાનંદ ગુરુકુલ માનકુવાનો વિદ્યાર્થી હીરાણી વિનોદ બળદેવભાઈ ગુજરાત રાજ્યની ટીમ માટે આંધ્રપ્રદેશ ખાતે યોજાનારી રાષ્ટ્રીયકક્ષાની વોલીબોલ સ્પર્ધા માટે પસંદગી પામ્યો છે તેમજ તા. ૩-૨-૧૧ ના રોજ આંધ્રપ્રદેશ જવા રવાના થયેલ છે.

વિદ્યાર્થીની આ સિધ્ધિ બદલ ગુરુકુલના વડીલ સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી યજ્ઞપુરુષદાસજી અને શા. સ્વામી ભક્તિપ્રિયદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ ગુરુકુલના સંચાલક સંતમંડળ પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી, શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, પુ. સ્વામી અક્ષરવિહારીદાસજી પાર્ષદ ખીમજી ભગત અને શાળાના આચાર્ય શ્રી વિપુલભાઈ રાવલ તેમજ સમગ્ર શ્રી સહજાનંદ ગુરુકુલ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. આ ખેલાડીને કોચીંગ અને માર્ગદર્શન શાળાના વ્યાયામ શિક્ષક શ્રી હિતેશભાઈ વાળાએ આપ્યું હતું.

- અહેવાલ : સંચાલક સ્વામી દેવસ્વરૂપદાસજી

## શ્રી સ્વામિ. વિદ્યાલય ગાંધીધામ : રમતોત્સવ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય-ગાંધીધામમાં ૧૧ મો વાર્ષિક રમતોત્સવ તા. ૫-૨-૨૦૧૧ ના રોજ યોજવામાં આવેલ.

શાળાના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે ધ્વજારોહણ અને મશાલ પ્રાગટ્ય બાદ માર્ચપાસ્ટ કરી ધ્વજને સલામી આપી હતી અને રમતોત્સવ ખુલ્લો મુકાયો હતો. શાળાના કે. જી. થી ધો. ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ રેડી ટુ સ્કૂલ, ત્રિપગી દોડ, ખુરશી દોડ, રીલે દોડ વિથ બોલ, ફ્રોગ જમ્પ, વર્તુળનો રાજ જેવી અનેક રમતોમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય દાખવ્યું હતું. આ સાથે પીરામીડ, લેઝીમ શો, ડમ્બેલ્સ, ફાયર રીંગ જેવા વિવિધ પ્રદર્શનોએ વાલીઓ અને આમંત્રિત મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. વાલીઓ માટે યોજાયેલ સરપ્રાઈઝ ગેમને વાલીઓએ અનેરો પ્રતિસાદ આપી રમતમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

કાર્યક્રમના મુખ્ય અતિથિપદે શ્રી એમ. એસ. મિશ્રા (એડીશનલ કમિશ્નર ઓફ કસ્ટમ, કંડલા) ઉપસ્થિત રહેલ. જેમણે વિદ્યાર્થીઓના સાહસ અને કૌશલ્યને બિરદાવી જીવનમાં ખેલકૂદનું અનેરું મહત્ત્વ ધરાવે છે તેવો સંદેશ આપેલ. અતિથિવિશેષ પદે શ્રી વિનોદકુમાર, ડેપ્યુટી કમિશ્નર ઓફ સેન્ટ્રલ એક્સસાઇઝ, ગાંધીધામ, શ્રી નવનીતભાઈ ગજજર, પ્રેસિડેંટ કંડલા ટીમ્બર એશોસીએશન તેમજ સહજાનંદ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ શ્રી માવજીભાઈ વેકરીયા હાજર રહેલ. શ્રી વિનોદ કુમારજીએ પોતાના વક્તવ્યમાં અભિનંદન આપેલ. શાળાના પ્રેસીડેંટ સ્વામી શ્રી મુક્તવલ્લભદાસજીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને વાલીઓને આશીર્વચન પાઠવી અભિનંદન આપ્યા હતા. શાળાના ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ખૂબ ઉત્સાહિત કરેલ. વડીલ ટ્રસ્ટીઓ શ્રી પ્રેમજીભાઈ ઠક્કર, શ્રી નવીનભાઈ પીનારાએ પ્રાસંગિક પ્રવચન કરેલ. મહેમાનોનું હાર્દિક સ્વાગત શ્રીમતિ પ્રીતિ શાહે કરેલ. શાળા આચાર્ય શ્રી તરુણ ઠક્કરે શાળાની પ્રગતિનો વાર્ષિક અહેવાલ રજુ કરી જણાવેલ કે આ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચી વિવિધ રમતોમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ અને શાળાનું ગૌરવ વધારેલ તથા ઉપસ્થિત સર્વેનો સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરેલ.

## અંજાર : અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજીને અંજલિ

અંજાર મધ્યે બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજીની સ્મૃતિમાં કોઠારી સ્વામીની પ્રેરણાથી તા. ૧૭-૨-૧૧ ના સાંજે ૭ થી ૮ વાગ્યા દરમ્યાન મહાઆરતી તથા રાસોત્સવ રાખવામાં આવેલ હતો.

જેમના સંસ્મરણો આજ પણ પ્રત્યેક માનવીની દૃષ્ટિ આગળ એટલાં જ તાજા થઈ રહ્યા છે એવા અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. સ્વામી ધર્મકિશોર દાસજી કે જે અનેક મહાપુરુષોને અને સંતોને સેવતા-સેવતા સંપ્રદાયના વિકાસના કાર્યોમાં અગ્રસ્થાને રહી અનેકવિધ સેવાઓ કરીને પોતાના જીવનને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના શણગારથી શણગારી અનેક દીન દુઃખીયાઓને આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત કરી સુખીયા કર્યા અને સારો રાહ આપતા ગયા. અંજાર મધ્યે પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં સમસ્ત સંત તથા ભક્ત સમુદાય સાથે મળી તા. ૧૭-૨-૧૧ ના રોજ સાંજે મહાઆરતી તથા રાસોત્સવ રાખવામાં આવેલ હતો.

મહાઆરતીના યજમાન શ્રી બી. એસ. જાડેજા, ધ.પ દયાબા અંજાર તથા મહિલા મંડળ-અંજાર રાસોત્સવના યજમાન હ. સાં.યો. ત્રિવેણીબહેન થયેલ.

સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ આશીર્વચન આપેલ અને વિદ્યાર્થી સંતોએ ધુન કીર્તન કરી ભક્તિરસ સંગીતથી તરબોળ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કોઠારી પ્રેમજીભાઈ હીરાણી, ટ્રસ્ટીમંડળના સદસ્યો તથા વાડી વિસ્તારના, અંજારના તથા બેન્સા વિસ્તારના હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ શહેર અને વાડી વિસ્તારના હરિભક્તો જહેમત ઉઠાવી હતી.

- અહેવાલ : ઠક્કર મેહુલકુમાર પી. (અંજાર)

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરમાં ઉજવાયેલ વાર્ષિકોત્સવ

શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર,ભુજ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧માં પાંચમો વાર્ષિકોત્સવ તા.૨૬-૧-૨૦૧૧ શુક્રવારના રોજ યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં શાળા પરિવાર તેમજ ટ્રસ્ટીમંડળના સર્વે સભ્યો, દાતાશ્રીઓ અને વાલીઓએ હાજરી આપી, કાર્યક્રમને સફળ બનાવી હર્ષ અને ઉલ્લાસનું વાતાવરણ ઉભું કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સામૂહિક પાર્થનાથી થઇ હતી. ત્યારબાદ પ્રમુખશ્રી વિશ્રામભાઇ દબાસીયા, મંત્રીશ્રી પ્રવિણભાઇ પિંડોરીયા, તથા ટ્રસ્ટીમંડળના સભ્યો અને દાતાશ્રીઓ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો. ત્યારબાદ સરસ્વતી સન્માન સમારંભ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

## માંડવી : કથા પારાયણો

માંડવી મધ્યે શ્રી વૃંદાવનવિહારી મહારાજના દરબારમાં આજ સુધી સ.ગુ. મહંત સ્વામી નિરન્નમુક્ત દાસજીની અધ્યક્ષતામાં થયેલ શાસ્ત્રોની નીચે મુજબ પારાયણો કરવામાં આવી. તા. ૨૫-૧-૧૧, રામપરના અ.નિ. લાલજી શામજી કેરાઈની સ્મૃતિમાં ધ.પ. પ્રેમબાઈ હ. હરજીભાઈ સોની.

તા. ૩૦-૧-૧૧, નાગલપરના અ.નિ. ભીમજીભાઈ માવજી હાલાઈની સ્મૃતિમાં હ. મનજીભાઈ તથા નારણભાઈ પરિવાર.

તા. ૯-૨-૧૧, નારણપુરના સાં.યો. સામબાઈ રામજી તથા કેરાના સાં.યો. રતનબાઈ દેવજી તરફથી મોટાં ગાદીવારાં તથા શ્રીહરિની પ્રસન્નતાર્થે પાંચ દિવસ ગાદીવાળાશ્રીએ સત્સંગ તથા દર્શનનો લાભ આપ્યો હતો.

તા. ૧૪-૨-૧૧, મોટી રાયણના અ.નિ. રવજીભાઈ કેશરા તથા અ.નિ. વાલબાઈની સ્મૃતિમાં હ. ધનજી રવજી ભુડિયા.

તા. ૨૫-૨-૧૧, રામપરના અ.નિ. ધનબાઈ કાનજી વરસાણીની સ્મૃતિમાં હ. દેવજી માવજી હીરાણી.

## :: શતાબ્દી પાટોત્સવ ::

શ્રી રાધાકૃષ્ણદેવનો શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ભુજ મધ્યે ઉજવવામાં આવશે. આ શતવાર્ષિક પાટોત્સવ અંતર્ગત સાત દિવસીય કથાનો પ્રારંભ સંવત્ ૨૦૬૭, ચૈત્ર સુદ ૧૫, સોમવાર, તા. ૧૮-૪-૨૦૧૧ થી થશે અને કથા સમાપ્તિ સંવત્ ૨૦૬૭, ચૈત્ર વદ ૭, રવિવાર, તા. ૨૪-૪-૨૦૧૧ ના થશે. આ મહોત્સવ દેશ-વિદેશના સર્વે હરિભક્તોએ સાથે મળીને હર્ષોલ્લાસથી ઉજવવાનો છે. વિદેશમાં વસતા હરિભક્તો ઉત્સવમાં પધારવાની વ્યવસ્થા સુગમતાથી કરી શકે તે હેતુથી અત્યારથી જ આમંત્રણ પાઠવી દેવામાં આવે છે. સો વર્ષના ઉત્સવનો આનંદ સૌ સાથે મળીને માણીએ અને શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે યથાશક્તિ તન-મન-ધનથી લગનપૂર્વક સેવા કરી પુણ્યનું ભાથું બાંધી ભવસાગર પાર કરીએ. આવા અણમોલ અવસરે સપરિવાર પધારવા સર્વે હરિભક્તોને હાર્દિક આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ. લી. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શુભ આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ

# વિદેશ સમાચાર

## ઈસ્ટલંડન : વિવિધ ઉત્સવો

<u>તુલસીવિવાહ :</u> તા. ૨૦-૧૧-૨૦૧૦, શનિવાર તથા તા. ૨૧-૧૧-૨૦૧૦, રવિવારે શ્રી સ્વામિનારાયણ મંદિર-ઈસ્ટલંડન મધ્યે તુલસીવિવાહનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

તુલસીમાતાના યજમાનપદે પ.ભ. વેલજીભાઈ કરસન વેકરીયા તથા સુપુત્રો વીરજી તથા શાંતિલાલભાઈ પરિવાર ગામ બળદિયાવાળા રહ્યા હતા જ્યારે લાલજી મહારાજ (ઠાકોરજી) ના યજમાનપદે પ.ભ. ભીખુભાઈ ગોવિંદ કોરાટ, ધ.પ. કંચનબેન, સુપુત્રો પુલકિતભાઈ તથા હાર્દિકભાઈ, ધ.પ. દિવ્યાબેન, ચિ. પ્રિય આદિ પરિવાર ગામ (અમદાવાદવાળા) રહી સેવાનો લ્હાવો લીધો હતો.

આ પ્રસંગે શનિવારના મંડપારોપણ, રવિવારે તુલસી વિવાહ તથા સમસ્ત હરિભક્તોને મહાપ્રસાદરૂપી ભોજનની સુંદર વ્યવસ્થા યજમાનો દ્વારા કરવામાં આવી હતી.

<u>ઠાકરથાળી :</u> તા. ૨૭-૧૧-૨૦૧૦, શનિવારે પ.ભ. શીવજીભાઈ નારણ રાઘવાણી પરિવાર ગામ બળદિયાવાળાની વર્ષગાંઠ નિમિત્તે ઠાકરથાળી ઉજવવામાં આવી. આ પ્રસંગે ભુજ, માંડવી તથા અંજારના મંદિરે રસોઈની સેવા કરવામાં આવેલ હતી.

તા. ૪-૧૨-૨૦૧૦, શનિવારે પ.ભ. નારાણભાઈ લાલજી વરસાણી પરિવાર ગામ માનકુવાવાળા તરફથી ઠાકરથાળી, તા. ૫-૧૨-૨૦૧૦, રવિવારે પ.ભ. કિન્નરીબેન કમલેશભાઈ પટેલ તથા જયેશભાઈ, સુપુત્રો આદિ પરિવાર ગામ મંડાવવાળા તરફથી ઠાકરથાળી તથા આજ પરિવાર તરફથી તા. ૨૫-૧૨-૨૦૧૦ નાતાલની રજાના દિવસે મંદિર મધ્યે રમત-ગમતના કાર્યક્રમમાં બપોરનો મહાપ્રસાદ, તા. ૧૧-૧૨-૨૦૧૦, શનિવારે વચનામૃત જયંતિ નિમિત્તે સત્સંગીભાઈઓ તથા બહેનો તરફથી ઠાકરથાળી, તા. ૧૮-૧૨-૨૦૧૦, શનિવારે પ.ભ. શામજીભાઈ વેલજી ભુડિયા પરિવાર ગામ ઉ. સુખપર તરફથી વર્ષગાંઠ નિમિત્તે ઠાકરથાળી તથા મહાપ્રસાદરૂપી ભોજન, તા. ૩૧-૧૨-૨૦૧૦, શુક્રવારે વર્ષના છેલ્લા દિવસે પ.ભ. ધર્મેશકુમાર શામજી વેકરીયા, કીસા મુકેશભાઈ, દીયા કમલેશભાઈ, નયન, વિનય આદિ યજમાનશ્રીઓ તરફથી શ્રી સ્વામિનારાયણ મહામંત્રને ૨૦૯ વર્ષ નિમિત્તે મંદિર મધ્યે યુવકમંડળ દ્વારા બાર કલાકની ધુન તથા રાસોત્સવનું આયોજન એમ જુદા-જુદા ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું હતું.

- અહેવાલ : અરવિંદભાઈ વેકરીયા (મંત્રી)


















(૧) વસંતપંચમીના શુભ પર્વે શિક્ષાપત્રીનું પૂજન કરતા સંતો તથા ભક્તો - અંજાર. (૨) શાકોત્સવમાં શાક વઘારતા પ.પૂ. મહંત સ્વામી સાથે યજમાન પ.ભ. હરિઓમભાઈ. (૩) તીર્થધામ નારાયણસરોવર તથા કોટેશ્વર સમુદ્ર કિનારે મંદિરમાં ઘડીયાળ અર્પણ કરતા પ.પૂ. મહંત સ્વામી - કોટેશ્વર. (૪-૫) કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજના યુવાનો સાથે પવિત્ર નારાયણસરોવરના દર્શને પધારેલા સંતો દેવોનો દર્શન તથા પૂજનનો લાભ લઈ રહેલા પ.પૂ. મહંત સ્વામી આદિ સંતો. (૬) કલ્યાણરોડ શ્રી લેવા પટેલ સમાજ માંડવીના રૂમનું સંતોના હસ્તે ઉદ્ઘાટન-માંડવી. (૭) શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવનના ધોરણ ૧૦ વિદ્યાર્થીઓ પ્રોજેક્ટર અર્પણ કરી રહ્યા છે. (૮) શ્રી વૃન્દાવન કપ ૨૦૧૧ ચેમ્પીયન (વીજેતા) ટીમ કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળને ટ્રોફી અર્પણ કરતા સંતો - માંડવી.

RNI NO. GUJGUJ/2001/5643
WPP Lic No. G-PMG-RJT/011(Foreign)/2007-09



Regd. No. GKCH-158/2009-2011
WPP Lic No. G-PMG-RJT/011/2007-09

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ॥ આમંત્રણ ॥

## શ્રી રાધાકૃષ્ણદેવ - શ્રી ઘનશ્યામ મહારાજ

## શતાબ્દી મહોત્સવ



**પ્રારંભ**
સંવત્ - ૨૦૬૭
ચૈત્ર સુદ - ૧૫ને સોમવાર
તા. ૧૮-૪-૨૦૧૧

**પૂર્ણાહુતિ**
સંવત્ - ૨૦૬૭
ચૈત્ર વદ - ૭ ને રવિવાર
તા. ૨૪-૪-૨૦૧૧

આજ રોજ શ્રી રાધાકૃષ્ણદેવ - શ્રી ઘનશ્યામ મહારાજને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં શતાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે તો સર્વે હરિભક્તોને અમારું હાર્દિક આમંત્ર છે.



શ્રી શિક્ષાપત્રી જયંતીના શુભદિવસે મહાસુદ ૫ ના પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. મહંત સ્વામી શિક્ષાપત્રી સ્વરૂપ મહારાજનું પૂજન કરી રહ્યા છે.



વસંતોત્સવની પારાયણ દરમ્યાન પધારતા પ.પૂ. મહારાજશ્રીનું વાજતે ગાજતે સ્વાગત - શોભાયાત્રા - ભુજ



વસંતોત્સવના યજમાન પરિવાર સાથે આરતી ઉતારતા પ.પૂ. મહંત સ્વામી તથા વડીલ સંતો- ભુજ



વસંતોત્સવના ઉપક્રમે સમાહ પારાયણમાં મંચસ્થ પરમ પૂજ્ય સંતો - ભુજ



વસંતોત્સવની પારાયણમાં કથા રસપાન કરતાં વિશાળ સંખ્યામાં બહેનો ભક્તો - ભુજ



વસંતોત્સવના યજમાન સાં.યો. કુંવરબાઈ, પ.પૂ.સાં.યો. મહંત સામબાઈ સાથે આરતીનો લાભ લેતા અન્ય સાં.યો. બહેનો - ભુજ